क्रिया

कूर्म

# ❁ અનુક્રમણિકા ❁


| | | |
|---|---|---|
| અભિનંદનીય સહાય | મા સર્વેશ્વરી | ૩ |
| શ્રી યોગેશ્વર કથામૃત | મા સર્વેશ્વરી | ૪ |
| ચેતનામયી મા સાથે થોડી પળો | શ્રી મનસુખ એમ. સલ્લા | ૮ |
| પૂ. માનું એકાંત મૌન | નારાયણ હ. જાની | ૧૩ |
| સદ્‌ગુરુ યોગેશ્વર પંથ બતાવો | નિર્ભયરામ કા. વૈષ્ણવ | ૨૩ |
| સાધકોએ લીધેલ નિયમો | વિશાલ રમેશભાઈ પટેલ | ૨૪ |
| એક પ્રથમ મુલાકાતી યુવાનનો પત્ર | વિશાલ રમેશભાઈ પટેલ | ૨૮ |
| ગુરુપૂર્ણિમાની પૂર્વસંધ્યાએ | મા સર્વેશ્વરી | ૩૪ |
| ગુરુપૂર્ણિમાની ઉજવણી | સર્વેશ્વરી ચરણરજ | ૩૬ |
| સુભાષિતો | — | ૪૦ |
| સંતવાણી | યોગેશ્વરજી | ૪૧ |
| પ્રેરણાત્મક દૃષ્ટાંતો | સ્વ. પંડિત શિવપ્રદાસ દલપતરામ | ૪૨ |
| મુંડક ઉપનિષદ્ (૧૧) | મહાત્મા યોગેશ્વરજી | ૪૬ |
| ધ્યાન પરિપક્વ ક્યારે લેખાય? | યોગેશ્વરજી | ૪૯ |
| વધુ માંગીએ | પરમાર્થી | ૫૦ |
| સદ્‌ગુરુનો દેખાવ અને વ્યવહાર | શ્રીમદ્ રાજચંદ્ર | ૫૧ |
| પૂ. બાપજીના પ્રથમ દર્શન | વિજયસિંહ અખુભા રાણા | ૫૭ |
| રસેશ્વરી | યોગેશ્વરજી | ૬૧ |

# ❁ અભિનંદનીય સહાય ❁

હે યોગેશ્વર ગંગ પાવન વહો મારા હૃદે સર્વદા,
ગાઉં નિત્ય ગુણાનુવાદ, ગુરુ હે સ્વીકારજો વંદના.

★ ★ ★

પરમાર્થી તાપે શ્રમિત, આવ્યો તારે દ્વાર,
શીતળ છાંયે માવડી, પાજે અમૃતધાર.

-પરમાર્થી

**કપૂરાના ભક્તપુરુષ જેમને પૂ. શ્રી યોગેશ્વરજીએ જ્ઞાનીભક્ત પરમાર્થી કહ્યા, શ્રી કબીરસાહિત્યની પરબડીસમા, કવિ, સમાજસેવક તરીકે અને સાચા સાધક તરીકે જીવન દીપાવ્યું.**
**તે શ્રી ઈશ્વરભાઈ પરમાર્થીની પાવનસ્મૃતિમાં**
**શ્રી મણિબેન પરમાર્થી**
**જયંત-મધુ-સારંગ-ગોપી પરમાર્થી**
**પંકજ-દક્ષા-ચિન્મય-ભક્તિ-અચ્યુત પરમાર્થી**
**બ્રાઉન્સવીલ-ટેક્ષાસ-યુ.એસ.એ.**
(કપૂરા)
**આ ઓગસ્ટ–૨૦૦૩ ના માસનો અધ્યાત્મનો રસથાળ**
**પૂ. શ્રી ગુરુદેવ શ્રી યોગેશ્વરજીના શ્રી ચરણોમાં**
**અર્પણ કરે છે.**

★ ★ ★

**હે પરમાર્થી પરિવાર, પ્રભુના આશીર્વાદ સાથે**
**ધર્મે-સત્કર્મે ઘસાઈને ઉજળા થઈ સૌને દીપાવતા રહો.**

-મા સર્વેશ્વરી



**વરદ હસ્ત પ્રભુ તમારો, સદાય રહેજો જીવન સહારો**

-મા સર્વેશ્વરી

વર્ષ : ૨૪ ઓગસ્ટ-૨૦૦૩ અંક : ૧૧

# શ્રી યોગેશ્વર કથામૃત

## તા. ૧૨–૧૦–૮૧ સોમવાર, આસો સુદ ચૌદશ, ૨૦૩૭, સ્થળ : કોર્નવોલથી ટોરન્ટો

સવારે પાંચ વાગ્યે પૂ. શ્રી સાથે આજે વાતચીત થઈ. ગઈ રાતે સર્વેશ્વરીને વાતો કરતાં મોડું થયું હતું તે અંગે પૂ. શ્રી એ ગંભીરતાથી કહ્યું:–"લોકોના પ્રવાહમાં તમે તણાઈ જાઓ છો તે સારું નથી. આપણે લોકો ચલાવે તેમ ચાલવાનું નથી. ભલે સત્સંગની જ વાતો થતી હોય, પણ એને પણ મર્યાદા હોય, આવું જો તમારું દરરોજ થાય તો અમને વૈરાગ્ય આવતાં વાર ન લાગે ને વૈરાગ્ય આવી જાય તો ખલાસ. સર્વેશ્વરી પૂ. શ્રીની ગંભીર સૂચના સાંભળે છે." પૂ. શ્રીની સાથે રહેવાનું જે સદ્‌ભાગ્ય મળ્યું છે, તે જો પૂ.શ્રીને વૈરાગ્ય આવી જાય તો ક્ષણવારમાં સંતના સહવાસનું સદ્‌ભાગ્ય નષ્ટ થઈ જાય, તે વાત સર્વેશ્વરી પૂરી

ગંભીરતાથી સ્વીકારે છે, સમજી શકે છે. ફરી એવું અનિયમિત ન થવાય તેની કાળજી રાખવી જરૂરી છે, એવું વિચારવામાં આવે છે.

સવારે સ્નાન કરી દૂધ પીધા પછી ડોક્ટર નટવરલાલને ત્યાં જવાનું બને છે. ત્યાં પૂ. શ્રી હિન્દીમાં ગુરુ નાનકદેવ ઉપર પ્રવચન આપે છે.

આ ઘરમાં દેવસ્થાનમાં શ્રી મહાવીર ને શ્રી નાનકદેવની પૂજા જોવા મળી. એક ઓરડો ગુરુ ગ્રંથ સાહેબના પવિત્ર સ્થાનનો હતો. જ્યાં દરરોજ ગ્રંથ સાહેબનો પાઠ થતો હતો.

ગુરુ નાનકદેવ અને ભગવાન મહાવીરના પવિત્ર ધર્મ-ભાવનો સમન્વય જોઇ આનંદ થયો.

ત્યાંથી ઉતારા ઉપર આવી ગયા. સૌએ ભોજન લીધું.પૂ. શ્રીએ ફળ દૂધ લીધાં.

વિદાયવેળાએ પૂ. શ્રીએ પ્રાર્થના શીખવી.વળી દેવની સ્તુતિ, દેવીક્ષમાપન સ્તોત્ર ગાવામાં આવ્યું. શ્રી નંદુભાઇની આંખમાં આંસુ હતાં. ધ્રૂસકે ધ્રૂસકે રડી પડ્યા. એ રુદન પાછળ પવિત્ર જીવન જીવવાનો સંકલ્પ થયો. પૂ. શ્રીને આનંદ થયો.

પૂ. શ્રીના આ સ્થળમાં સો જેટલા જુદા જુદા ફોટાઓ લીધા. પ્રેમાળ ને સેવાભાવી ને સત્સંગી શ્રી નંદુભાઇનો અતિથિ સત્કાર સાચે જ સ્મરણીય હતો. તે સ્મરણનું સ્મરણ કરી વિદાય થયા.

ફરીથી લાંબી યાત્રા શરૂ થઇ. છ કલાકની યાત્રા દરમ્યાન પૂ. શ્રીએ પોતાના અનુભવની વાતો કરી. વડોદરાથી મુંબઇ જેટલું અંતર કાપી રાત્રે નવ વાગ્યે ટોરન્ટો આવી ગયા.

શ્રી સુરેશભાઇને આજે ખૂબ આનંદ હતો. પૂ. શ્રી સાથે જાતે



મોટર ચલાવીને આટલી લાંબી યાત્રા સુખરૂપ થઇ, તેનો આજે ખૂબ આનંદ ને સંતોષ હતો. તેઓ વારંવાર એ વાત કરતા હતા. સુરેશભાઇ જે કંપનીમાં કામ કરે છે તેમાં તેઓ ખૂબ નિયમિત ને પ્રામાણિક રહે છે. તેથી જ તો સુરેશભાઇ કોર્નવોલ જવા રજા માગે છે. ત્યારે કંપનીના મુખ્ય માણસે કહ્યું તમારા ધર્મગુરુ સાથે તમે કોર્નવોલ જાઓ છો તો આપણી કંપની તરફથી પેટ્રોલ માટેનો કાર્ડ લઇ જાઓ. અને જે પેટ્રોલનો ખર્ચ થાય તે આ કાર્ડમાં નોંધાવી દેજો! સુરેશભાઇએ તે કાર્ડ સ્વીકાર્યું ને જ્યાં જ્યાં પેટ્રોલ ભરાવ્યું ત્યાં ત્યાં કંપનીના નામે તે બીલ લખાયું. કેનેડામાં પેટ્રોલને ગેસ કહે છે. એથી પેટ્રોલ પંપ નહીં પણ ગેસ સ્ટેશન કહેવાય છે.

કેનેડામાં ઘઉંનો પાક વિશેષ થાય. ઘઉં પુષ્કળ પાકે. એક વાર તો સરકારે ઘઉંનો પાક ન કરવાની ખેડૂતોને વિનંતી કરી. સરકારે પાકના પૈસા વગર પાકે ખેડુતોને આપ્યા; કારણ ઘઉંના પાકને સ્ટોર કરવાનો પ્રશ્ન સરકારને નડતો હતો.

કેનેડામાં પોલીસનું કાર્યક્ષેત્ર પણ ખૂબ શિસ્તવાળું ગણાય છે, અહીં એક વાર કેનેડામાં વાહનવ્યવહાર ખાતાના પ્રધાનનું પણ લાયસન્સ પોલીસે લઇ લીધું હતું. પ્રજા હોય કે પ્રધાન હોય દરેકને એક સરખો નિયમ લાગું પડે. પોલીસ સામે કોઇ દલીલ ન થાય. જે કાંઇ કહેવું હોય તે કોર્ટમાં કાયદેસર કહી શકાય.

ગાડીની ઝડપ ક્યાં કેટલી રાખવી તે દરેક જગ્યાએ બોર્ડ ઉપર લખ્યું જ હોય. એનાથી વધું ઝડપ હોય તો તરત જ પોલીસ પકડી પાડે. ૩૦ કે ૪૦ ડોલરના દંડની રસીદ તરત જ આપી દે. આપણે તે લેવી જ પડે ને તે દંડ શહેરની નક્કી કરેલી બેંકમાં અઠવાડિયામાં ભરી દેવાનો રહે.

કેનેડામાં જુદી જુદી કંપની હોય છે. તેમાં ભારતીય ભાઈબેનો કામ કરે છે. ચાલુ કામે કંપનીમાં શારીરિક ઈજા થાય તો તે દિવસથી આરામ ને પૂરો પગાર કામ કરનારને મળે. સારી મોટી કંપનીમાં એવી સગવડ મળે છે.

અહીં પણ મોંઘવારી વધી છે. જો કે પગાર પણ વધ્યા છે. આ દેશમાં સારી રીતે જીવવું હોય તો પતિપત્ની બન્નેને કમાવવું જ પડે છે. ભારતના શાકભાજી, અનાજ, દહીં, દૂધ, છાશ બધું જ મળી રહે છે. ભારતીય દુકાનો પણ ઘણી છે.

(ક્રમશ:)

○

જે પ્રીતિ કે અનુરક્તિ વિષયી માણસોને સંસારના વિષયોને માટે હોય છે; તેનાથી પણ સવિશેષ પ્રીતિ અથવા અનુરક્તિ હે પ્રભુ! તમારા ચારુ ચરણારવિંદમાં મને રહેજો. બીજું મારે કંઈ પણ ઈચ્છવા જેવું નથી.—**યોગેશ્વરજી**

ફોન : **૨૩૨૧૦૭૦૭, ૨૩૨૨૧૮૧૦**
મોબાઈલ : **૯૮૨૫૧૩૭૩૫૫**

**દીપક સી. મહેતા**

**કૃષ્ણા ફિલ્મ્સ એન્ડ સ્ટુડિઓ**

૧, શ્યામ એપાર્ટમેન્ટ, કાકડીઆ કોમ્પ્લેક્ષ પાસે,
ઘોડદોડ રોડ, **સુરત**-૩૯૫૦૦૧



# ચેતનામયી મા સાથે થોડી પળો

**શ્રી મનસુખ એમ. સલ્લા**

તા. ૧૧—૬—૦૩ના રોજ સવારે ૮—૪૫ વાગ્યે અંબાજીમાં 'સ્વર્ગારોહણમાં પૂ. મા સર્વેશ્વરીજીના દર્શન માટે જવાનું થયું. આગલા દિવસે 'યોગતીર્થ' ખંડમાં મહાત્મા યોગેશ્વરજીના ફોટોગ્રાફ, મોડેલ્સ, કપડાં, હસ્તાક્ષર, પુસ્તકો, સાધનોના પ્રદર્શનમાં ફરીને તેમનો વિગતે પરિચય મેળવ્યો હતો. પૂ. મા વ્યસ્ત હોવાથી મળી શકાયું ન હતું. આજે સદ્ભાગ્ય સાંપડ્યું.

પૂ. મા સર્વેશ્વરી સ્ફૂર્તિ અને ચેતનાથી ઊભરાતાં દેખાય છે. બાળક જેવું સહજ અને નિર્મળ સ્મિત તેમના મોં ઉપર ઝલકે છે. તેઓ મૌન રાખે છે, પરંતુ પારદર્શક કાગળવાળી સ્લેટમાં લખીને જિજ્ઞાસુના પ્રશ્નોના ઉત્તરો આપે છે, માર્ગદર્શન આપે છે. તેમના ઉત્તરો ટૂંકા પણ અનુભવ સમૃદ્ધ અને અધ્યાત્મક્ષેત્રની સહજ-ગતિથી પ્રાપ્ત થયેલા જણાય છે. બાળકને જોઈને મા પ્રસન્ન થાય તેમ આપણી સાથે પૂ. મા સહજ પ્રસન્નતાથી વર્તે છે.

પૂ. મા સાથેના વાર્તાલાપના કેટલાક અંશો સાધકોને ઉપયોગી થાય તેવા છે તે અહીં આપ્યા છે.

મા : સાંજે તમારી રાહ જોઈ હતી.

મ.સલ્લા : ગઈ કાલે સાંજે મારે લોકનિકેતનમાં શિક્ષકોના શિબિરમાં શિક્ષકોના પાયાના ગુણો વિશે કહેવાનું હતું તેથી ત્યાં ગયો હતો. તેથી અહીં ન આવી શક્યો.

મા : તમે નિવૃત્ત થઈ ગયા?

મ.સલ્લા : હા, મા. ૩૦ એપ્રિલથી નિવૃત્ત થયો.

મા : તો હવે અહીં આવી જાઓ. (હસી પડે છે.)

મ.સલ્લા : અનુકૂળતા મળશે એટલે આવીશ.

મા : યોગતીર્થ અને સ્વર્ગારોહણ કેવાં લાગ્યાં?

મ.સલ્લા : આ સ્થાન તો પિયરમાં આવ્યો હોઉં તેવું લાગ્યું.

મા : (ખડખડાટ હસી પડીને) તો હવે અહીં જ રહી જાઓ.

મ.સલ્લા : હું વિપશ્યના સાધના કરું છું. હવે નિવૃત્ત થયો છું તો મારે આગળ શું કરવું?

મા : ભગવાનને ખો આપી દો. ખો આપનારો ખો આપીને બેસી જાય છે, ખો મળે તે દોડતો રહે છે. ભગવાન દોડતો રહેશે.

મ.સલ્લા : પણ સંસાર સાવ મૂકી દેવાતો નથી. ફરજો પણ છે.

મા : પોટલું ભગવાનને સોંપી દો. તે તો કરોડોનો ભાર ઉપાડી લે છે. વિમાનમાં માથા ઉપર પોટલું રાખવાની જરૂર નથી. ભગવાનના નામનો પટ્ટો બાંધી લેવો એટલે સલામત. હવે શું કરવાના?

મ.સલ્લા : નોકરી ન કરવી તેમ મનમાં છે. લખવાની થોડીક શક્તિ છે તો લખીશ.

મા : આજસુધી તમારે માટે લખ્યું. હવે ભગવાન માટે લખો. તમારી કલમ ભગવાનને ચરણે ધરી દો.

મ.સલ્લા : જાગાણીભાઈનું સૂચન છે કે મારે ‘અધ્યાત્મ’માં પૂ. યોગેશ્વરજીનાં પુસ્તકો વિશે દર માસે લખવું.

મા : અહીં આવી જાઓ. મહેમાનગૃહ, બાગ, કુટિર—તમે ઈચ્છો ત્યાં બેસીને લખો. બે ટંક જમવાની અને સવારના દૂધની વ્યવસ્થા કરશું. દરરોજ સાંજે સાધકોને વક્તવ્ય આપજો.



મ.સલ્લા : અહીં આવીને હું વક્તવ્ય આપું તે તો ગુસ્તાખી કહેવાય. આપ હો ત્યાં મારાથી એવું ન થાય.

મા : (હસી પડીને) તો મૌન પાળજો. સાધના કરજો.

મ.સલ્લા : મૌન પાળવાનું તો મને ગમશે. માત્ર આપને મળવા આવીશ તેટલો વખત બોલીશ.

મા : ઘરમાં દરરોજ એક કલાક મૌન પાળો. એક કલાક ધ્યાન ધરો. વિપશ્યના ઘરમાં જ જીવો.

મ.સલ્લા : બરાબર છે મા.

મા : .....સંસ્થાનું બરાબર ગોઠવાયું?

મ.સલ્લા : મેં છોડી દીધી. ક્લેશની વચ્ચે રહેવાનું ઠીક ન લાગ્યું.

મા : ક્લેશને પ્રભુનો પ્રસાદ ગણીને સ્વીકાર લો. ભૂલી જાઓ. ....સંસ્થા માટે જીવતા મૃત્યુ પામો. તમારે કેટલા વર્ષ થયાં?

મ.સલ્લા : ૬૦ વર્ષ.

મા : (હાથના છ આંગળાં બતાવી) છ વર્ષના હોઈએ તેમ જીવવું.

મ.સલ્લા : આ માર્ગમાં તો હજુ બાળપોથીમાં જ છું. ...મારા જીવનના ૨૦—૨૦ વર્ષના વળાંકવાળા ત્રણ તબક્કા પૂરા થયા. હવે ચોથા તબક્કામાં વ્યક્તિગત સાધનામાં વધુ સમય આપવાનું મન છે.

મા : પ્રભુની ગણતરીમાં બધું બરાબર હોય છે. તમે.... સંસ્થામાં કામ કર્યું તે તેમની ગણતરી પ્રમાણે જ હતું. હવે તેને ખો આપી દો.

મ.સલ્લા : બરાબર છે મા.

મા : અહીં રહી જશોને?

મ.સલ્લા : આજ તો જવું પડશે. અમે પાઠ્યપુસ્તક તૈયાર કરી રહ્યા છીએ. ૧૪ જણ છીએ.

મા : (હસીને) હું કહેવડાવી દઉં કે તમે નહિ આવો?

મ.સલ્લા : ના, મા. મારે આજ તો જવું પડશે. (પાઠ્ય-પુસ્તકની રચનાનો હેતુ વર્ણવી) આ એક શૈક્ષણિક કાર્ય છે.

મા : શિક્ષણનું આ સરસ કામ છે. આ ટી. વી.માં શૈક્ષણિક અને જીવનઘડતરનું વધુ આવે તેમાં તમે કાંઇ કરી શકો?

મ.સલ્લા : મારી તો તેમાં પહોંચ નથી. પણ અત્યંત અસર-કારક માધ્યમનો આવેગોને બહેલાવવામાં ઉપયોગ થઇ રહ્યો છે. થ્રી ડાઈમેન્શન હોવાથી અસર વધુ કરે છે.

મા : સરકાર કાંઇ ન કરી શકે?

મ.સલ્લા : કરી શકે. પણ તેમનું ધ્યાન ખુરશી સાચવવામાં હોય છે. આપણે લોકમત કેળવવો પડે. ગુટખાબંધી માટે લોક-નિકેતન અને ગુજરાત નઇ તાલીમ સંઘ સક્રિય થયાં છે.

મા : ટી. વી. અને વ્યસનો અંગે કાંઇક કરવું જ જોઇએ.... તમે વિમલાતાઈનું શિક્ષણ અંગેનું પુસ્તક જોયું છે? વાંચજો. (ઊભાં થઇ, કબાટમાંથી એક નકલ કાઢીને આપી.)

મ.સલ્લા : તો હું જાઉં, મા?

મા : (હસીને) મા કોઇને રજા આપતાં જ નથી.

મ.સલ્લા : તો મા પાસેથી તોફાની છોકરા દોડ્યા જાય તેમ અમે કરશું.

મા : તમે પાઠ્યપુસ્તકનું સરસ કામ કરો છો. દરેક ભાઇઓને યોગેશ્વરજીની સરળગીતાનું પુસ્તક અને કેસેટ આપજો. (માએ



ઊભા થઇ, કબાટ ખોલી નકલો અને કેસેટ ગણીને પ્લાસ્ટિકની થેલીમાં મૂકી આપી.)

મ.સલ્લા : મા હવે હું જાઉં?

મા : પાછા ક્યારે આવશો?

મ.સલ્લા : એ તો નથી કહી શકતો. પરંતુ આપનું સ્મરણ સતત રહેશે.

મા : ભગવાનને ખો દઇ દો. નાંખી દો એના ઉપર બધું. (હસીને) જુલાઈમાં આવજો.

મ.સલ્લા : જુલાઈમાં જરૂર આવીશ. ઉપકૃત થયો છું. (પ્રણામ કરી વિદાય લીધી.)

o

શ્રી યોગેશ્વર કૃપા

**સંદીપ વેલ્ડીંગ વર્ક્સ**

**ગ્રીલ, દરવાજા, તેમ જ મેઇન ગેટના સ્પેશ્યાલીસ્ટ**
તેમ જ
**દરેક જાતનું રીપેરીંગ કામ કરનાર.**
મોદી બંગલા,ઉમરા જકાત નાકા પાસે, **સુરત**-૩૯૫૦૦૭
ફોન : (૦૨૬૧) ૨૨૫૪૯૮૨, ૨૨૫૮૮૦૪

# પૂ. માનું એકાંત મૌન

નારાયણ હ. જાની

પ. પૂ. ગુરુદેવ શ્રી યોગેશ્વરજીએ પોતાનું મોટાભાગનું તપ હિમાલયના એકાંત પ્રદેશોમાં કે ઘરે તેમ જ કોઈ એકાકી ભક્ત-ને ત્યાં રહી કર્યું, કારણ કે તે સમયે તેમને ખાસ કોઈ ભક્તો ન હતા. પરંતુ પ. પૂ. માનું તેનાથી જુદું છે. તેઓના ભક્તોનો સમુદાય બહોળો છે. તેઓ ક્યાંય પવિત્ર સ્થાનોના એકાંતવાસમાં રહેતાં નથી. ભક્તો ને સાધકોની વચ્ચે વસે છે, છતાં પોતાની રીતે તપે છે.

આ વર્ષે પૂ. માને એક સંકલ્પ સ્ફુર્યો—કહો કે પૂ. ગુરુદેવે જ એ સ્ફુર્ણા કરી. આ સ્ફુર્ણા આવી હતી. ૧૩ નવેમ્બર—૨૦૦૩ ના રોજ પૂ. મા એકસઠમા વર્ષમાં પ્રવેશ કરશે, તો ૬૧ દિવસનું એકાંત મૌન રાખો.

આ અગાઉ પણ પૂ. માએ આવા એકાંત મૌનમાં બેસવાના પ્રયોગો કરેલ છે. પૂ. શ્રી સાથે રહેવા આવ્યાં તે પહેલાં સુરતના પૂ. શ્રી મોટાના મૌન મંદિરમાં નોકરી દરમ્યાન વેકેશનમાં ઘણા દિવસોના એકાંતવાસ સાથે મૌનના પ્રયોગો તેઓએ કરેલા છે. પૂ. શ્રીની ભૌતિક વિદાય પછી પૂ. માએ હરિદ્વાર, વડોદરા, અમદાવાદ, કપૂરા, ભાવનગર વગેરે સ્થળે એકાંત મૌનના પ્રયોગો કરેલા, વિદેશોમાં પણ પૂ. મા આવા પ્રયોગો કરતાં રહે છે. પરંતુ આ પ્રયોગ થોડો અનોખો છે.

આ વર્ષે આ પ્રયોગ અંબાજી ખાતેના સ્વર્ગારોહણમાં થયો. પૂ. માને ૮ વર્ષથી મૌન તો છે જ. એટલે મૌનને વાણીનું તપ



કહ્યું છે, તેનો અમલ તો તેઓ કરી રહ્યાં જ છે. તો શારીરિક તપ—તનનું તપ તો છેલ્લા ૧૯ વર્ષોથી એકધારું ચાલી રહ્યું છે. ભૂખ અને તરસ—પ્રાણના ધર્મો છે, જેનો શરીર સાથે સીધો સંબંધ છે. આપણે બધા અન્નમય કોષમાં જ જીવીએ. પૂ. મા તેનાથી ઉપર ઊઠી ગયાં છે. અન્નદેવને તો ૧૯ વર્ષથી—તા. ૧૮ માર્ચ, ૧૯૮૪ થી સલામ ધરી દીધી છે. તો વરુણદેવનો—જળદેવતાનો પણ વર્ષમાં ૧૨૫ દિવસ અસ્વીકાર કરીને—પાણી વગરના ઉપવાસો શ્રી ગુરુદેવ પ્રભુને ચરણે ધરતાં રહે છે. આમ તન, અને વાણીના તપનો વિરલ ઈતિહાસ સાવ અહંરહિત થઈ, પૂ. મા સર્જી રહ્યાં છે.

પરંતુ આ બેથી પણ ચઢિયાતું એક ત્રીજુ તપ છે. તે મનના મૌનનું—એકાંત મૌનનું. તેમાં પૂ. મા બાહ્ય દુનિયા સાથેનો પોતાનો બધો જ સંપર્ક કાપી નાંખી—પોતે અને પોતાના પૂ. ગુરુદેવના સ્મરણ અને મસ્તીમાં ડૂબી જાય છે. આ ઘણું અઘરું છે અને પૂ. માની એ વિશેષતા છે કે તેઓ પોતાના વ્રતપાલનના નિયમોમાં ખૂબ ચૂસ્ત છે, તેમાં ક્યાંય સ્હેજ પણ ક્ષતિ ચલાવી લેતાં નથી.

પૂ. માના આવા વ્રતનો પ્રારંભ તા. ૧૬—૬—૦૩ ના રોજ થયો. તે પૂરા ૨૦ દિવસ એકધારો રહ્યો. આ દિવસો દરમ્યાન પૂ. માએ ન તો કોઈ માણસને જોયો, કે ન તો બહારના કોઈ અવાજ સુદ્ધાં સાંભળ્યા. સ્વર્ગારોહણમાં તે સમય દરમ્યાન રહેલ થોડા સાધકોએ—અરે, સંસ્થાના સફાઈ કરનાર નોકરોએ પણ તેમાં પૂરો સહકાર આપ્યો. કહો કે તે ગાળા દરમ્યાન આખું સ્વર્ગારોહણ એક કોઈ પ્રાચીન ઋષિની તપોભૂમિ સમું શાન્તિનું સાકાર સ્વરૂપ બની રહ્યું. જે ચાર છ સાધકો—વ્યવસ્થા માટે

રોકાયેલા તેઓ પણ પોતાની વૈખરી વાણીનો ઉપયોગ ખૂબ અલ્પપ્રમાણમાં—ખૂબ ધીરેથી કરતા. તો એક સાધક બહેને તો એવું કહ્યું કે તે વખતે વાતાવરણમાં એવી શાન્તિ પ્રવર્તી રહેતી કે જેને આપણું મન મહેસૂસ કરી શકતું અને અનિવાર્ય પ્રસંગે ધીરેથી બોલવા પડતા શબ્દો અંગે—વાતાવરણમાં પ્રવર્તી રહેલ શાન્તિનો જાણે કે અપરાધ કરાઈ રહ્યો છે. એવી ગ્લાનિ મન અનુભવતું. પૂ. માના એકાંત-મૌનનો એ પ્રભાવ આસપાસના સમગ્ર વાતાવરણ પર એકધારો છવાયેલો રહેતો. તેનું સ્વાભાવિક પરિણામ એ જણાતું કે એના પરિસરમાં પ્રવેશતી વ્યક્તિને પણ જાણે—અજાણ્યે એની અસર થઈ રહેતી. આવો અદ્‌ભુત મૌનશાન્તિનો એ પ્રભાવ!

તો બહાર રહી ધ્યાન રાખનાર સાધકોને પણ સહજ રીતે—સતત જાગ્રત રહી પોતાની નિયત કામગીરી—કર્યા કરવી પડી તેથી એય એક સાધના જ બની ગઈ! અને તે બેચાર કે દસબાર દિવસ માટે નહિ પરંતુ પૂરા ૨૦ દિવસ. જીવનના એ ધન્ય દિવસો જાણે એક સુખદ અણમોલ સ્મૃતિમાં ફેરવાઈ ગયા. સરસ સંભારણું બની રહ્યા! આપણને સહેજે પ્રશ્ન થાય કે આટલા બધા દિવસ પૂ. માએ એકાંતમૌનમાં રહી શું કર્યું? પોતાનો સમય કેમ પસાર કર્યો?

સાધના બાબતમાં પૂ. મા ખૂબ ચોક્કસ છે. તેઓ પોતાની રોજનીશી લખે જ છે. સાથે સાથે જપ, મૌન, વાંચન, પ્રાર્થના વગેરેમાં કુલ કેટલો સમય વીતાવ્યો—તેના આંકડા પૂ. માએ આ મૌનમાંથી બહાર આવતાં જ હાજર સાધકો સમક્ષ ધરી દીધા. આ રહ્યા એ આંકડાઃ—

પૂ. માના આ તપનો પ્રારંભ તા. ૧૬—૬—૦૩ ના રોજ



થયો. તેની પૂર્ણાહુતિ ૫—૭—૦૩ ના રોજ થઈ. બંને દિવસ મળી કુલ ૨૦ દિવસ થયા. તે સમય દરમ્યાન કુલ ૧૨,૦૦૦ માળા એટલે કુલ ૧૨ લાખ જપ થયા. રોજના ૫૦ હજારથી પણ વધારે જપ થયા તો પ્રાર્થનામાં ૩૯ કલાક ગાળ્યા!

વાંચન ૨૨ કલાક, મંત્રગાન ૧૧ કલાક, નિર્જળા વ્રત ૧૦ દિવસ એટલે પૂ. માએ એકાંતરે નિર્જળા કર્યાં.

કોઈ પણ સાધક માટે ખૂબ જરૂરી છે કે તે તેના દિવસના સમયનો કેવી રીતે ઉપયોગ કરે છે. પૂ. મા તો ઘણાં વર્ષોથી સાધનાપરાયણ છે. એટલે તેમની પાસે આ માટેની સરસ દૃષ્ટિ છે. તેઓ શરૂથી જ પોતાનું ટાઈમ ટેબલ બનાવી દે છે ને તેનો ચૂસ્ત રીતે અમલ પણ કરે છે.

એકાંતમાં પ્રવેશ કરતાં જ મન એવું તો સાધનામાં ઓતપ્રોત થઈ જાય કે ના પૂછો વાત. પૂ. માને ફક્ત પૂ. ગુરુદેવની સ્મૃતિ સતત મનમાં રહ્યાં કરે. તેમની સારી દુનિયા એમનામાં જ સમાઈ જાય—પછી તે જપ હોય, પ્રાર્થના હોય કે મંત્રગાન—બધાંનો અર્ઘ્ય એક પૂ. ગુરુદેવ પ્રભુને ચરણે ધરતાં રહે. પૂ. માએ બહાર આવ્યા પછી એ સમયની આંતરિક પ્રસન્નતા અને મસ્તીનો ઉલ્લેખ કરતાં આ ભાવનું લખ્યું, અરે, પાણી પીવાનું કે ફળદૂધ લેવાનું પણ ના યાદ આવે. એમાં પણ જે થોડો સમય આપવો પડે, તે પણ જાણે પરાણે કરવું પડે તેમ લાગે. મનની આવી અદ્‌ભુત સ્થિતિ તો ઘણી તપશ્ચર્યાના પરિણામે જ પ્રાપ્ત થાય. આવી સાધના કરનારા આ કળિયુગમાં અતિ અલ્પ જ જોવા મળે.

શ્રી યોગેશ્વર પરિવારના સાધક ભાઈબહેનોનું એ સદ્‌ભાગ્ય

છે કે આવું વિરલ તપ તેઓની હાજરીમાં તપાઇ રહ્યું છે. તેઓ તેના સાક્ષી બની રહ્યાં છે.

સવારના નિત્યપાઠ પછીનો સવારે ૮ થી તે છેક રાત્રે ૧૦–૧૫ સુધીનો બધો જ સમય મુખ્યત્વે જપ, પ્રાર્થના કે મંત્રગાનમાં જ એકધારો પસાર થતો. ૫૦૦ થી ૭૦૦ માળાં રોજ થતી. ફક્ત જ્યારે નિર્જળા ન હોય ત્યારે ફળદૂધ કે પાણી બેવાર લેવામાં તેઓની માત્ર ૩૫–૪૦ મિનિટ જાતી. પૂ. મા રાત્રે સૂવા જતાં પહેલાં કલાકેક એકનાથી ભાગવત વાંચતાં, તે પછી નિત્યનોંધ લખીને જ રાત્રે ૧૨ વાગે વિશ્રામ કરતાં. ઘણીવાર એવું બનતું કે સવારે સ્નાન કરતાં કે જપ–પ્રાર્થના કરતાં કદી કોઇ પદ, ભજન કે ધૂન માટે એકાદ કડી સ્ફુરે–તો તેને વાગોળવા કે વધારવાનો સમય તો પૂ. માને છેક રાત્રે ૧૨ વાગ્યા બાદ જ મળે. પછી તો ઘણીવાર સૂવાનું જ રહી જાય અને ભજન કે ધૂનના ભાવોની મસ્તી એવી ચઢે કે સમયનો કોઇ ખ્યાલ જ ન રહે. બે ચાર કલાક એમાં ક્યાંય પસાર થઇ જાય. સૂવાનું જ રહી જાય.

આપણને થાય કે પૂ. માને સ્ફુરતી પદની એ કડીઓ કેવી હોતી હશે! તો પૂ. માએ સામેથી કૃપા કરી એકાંત મૌનના એક પદની પ્રસાદી આપી છે, જેના શબ્દો આ પ્રમાણે છે.

એકાંત મૌનનો એક પદપ્રસાદઃ–

તનમાં હરિ મનમાં હરિ,
સર્વેશ્વરીના અંતરે હરિ,
જપમાં હરિ તપમાં હરિ,
સર્વેશ્વરીના જીવનમાં હરિ.
શ્વાસમાં હરિ પ્રશ્વાસમાં હરિ,



સર્વેશ્વરીના રોમમાં હરિ.
પ્રસાદમાં હરિ, વિષાદમાં હરિ,
સર્વેશ્વરીના સાદમાં હરિ.
ત્રિતાપમાં હરિ થાકમાં હરિ,
સર્વેશ્વરીના પ્રાણમાં હરિ.
સર્વેશ્વરીને હરિએ ઘડી,
હરિની હતી, હરિને વરી.

૨૦–૬–૦૩

આ ઉપરાંત પણ પૂ. માએ કેટલીક બીજી રચનાઓ કરી છે. આવી એક ધૂનના શબ્દો છેઃ–

યોગેશ્વર નાથ, સાથે જ્યોતિર્મયી માત,
વંદન સ્વીકારો મારા યોગેશ્વર નાથ.

આમ એકાંત મૌનની સાધનાની મસ્તી ઉપરાંત સાહિત્યની અતિ ગેય અને કર્ણપ્રિય રચનાઓની રસલહાણ પણ સાધકોને પૂ. મા ધરતાં રહે છે.

આ વખતે તા. ૧૬ જૂનથી તા. ૨૦ જુલાઇ સુધીમાં પૂ. માએ કુલ ૨૦ એકાંત મૌનનું સેવન કર્યું. સ્વર્ગારોહણમાં રહેતા સાધકો પણ પૂ. માને સ્હેજ પણ વિક્ષેપ ના થાય તેનું ધ્યાન સતત રાખતા.

પૂ. માનું આવા પ્રસંગોએ સાન્નિધ્ય માણવાનું મળે એ દેવ-દુર્લભ લેખાય. તે વખતનું વાતાવરણ જ અદ્‌ભુત બની જાય.

## બીજા એકાંત મૌનમાં પ્રવેશ

પૂ. મા ફરી પાછા તા. ૯–૭ ના રોજ બપોરે ત્રણ દિવસ માટે એકાંત મૌનમાં પ્રવેશ્યાં અને તા. ૧૨–૭ ના રોજ બપોરે

૩—૦૦ વાગે તેઓ તેમાંથી બહાર આવ્યાં.

બરોબર ત્રણના ટકોરે પૂ. માનું બારણું ઊઘડ્યું તો સામે જ સાધકો પૂ. માના દર્શનની પ્રતીક્ષા કરતા પૂ. માના સ્વાગત માટે ઉભા હતા. એમાં વિશેષતા એ હતી કે સંસ્કૃતના ખ્યાતનામ પ્રોફેસર ડો. લક્ષ્મેશભાઇ જોષી—પરદેશથી પધારેલ તેમના ડોક્ટર પુત્ર અને પરિવાર સાથે અમદાવાદથી પૂ. માના દર્શને ખાસ આવ્યા હતા. જોગાનુજોગ તેઓ પણ પૂ. માને સત્કારવામાં સહભાગી બન્યા.

પ્રારંભમાં શ્રી નારાયણભાઇ જાનીએ પૂ. ગુરુદેવ, પૂ. મા અને પૂ. માના એકાંત મૌનના જયઘોષ સાથે પૂ. માને આવકાર્યાં. તો શ્રી લક્ષ્મેશભાઇ જોષી અને એમના પુત્રે સુમધુર સંસ્કૃત ગિરા-માં પૂ. માનું સ્વસ્તિ વાચન કરી ઋષિ શ્રેષ્ઠ યાજ્ઞવલ્ક્ય અને મૈત્રેયીના સંસ્કૃત સંવાદનું ગાન સરસરીતે કરી—સમગ્ર વાતાવરણને પ્રાચીન ઋષિ પરંપરાના તપોભૂમિમાં ફેરવી નાંખ્યું. પંદર મિનિટ ચાલેલા આ ગાનનું શ્રવણ પૂ. માએ અભિવાદન મુદ્રામાં પોતાના આસન આગળ સ્થિર ઊભાં રહી કર્યું. પૂ. માને તેમ જ સાધકોને દેવભાષા સંસ્કૃત ખૂબ જ ગમે અને તેમાંય આત્મવિદ્યાની પ્રશસ્તિના શ્લોકોનું આ ગાન સાંભળતાં સાધકો પૂ. માને નિહાળી રહ્યા. એમને જાણે એમ લાગ્યું કે આજે આત્મવિદ્યા પૂ. માના સ્વરૂપે શ્વેતવસ્ત્રધારી સહુની સામે ઊભી રહી ના હોય!

ત્યાર બાદ પૂ. માએ એકાંત મૌનમાં રચાયેલ પદોનું ગાન શ્રી દમયંતીબેન ભક્ત અને તેમની દીકરી જયુ પાસે કરાવ્યું. પ્રભુએ તેઓને મધુર કોમળ કંઠ આપ્યો છે એટલું જ નહિ પરંતુ



સંગીતના સ્વરોની સૂઝ પણ આપી છે. તેથી પૂ. માના પદોના રાગ અને ઢાળ તેઓ સરસ રીતે પારખી જાય છે.

બપોરની બેઠક યોગતીર્થમાં પ્રદક્ષિણા પછી લોબીમાં ગોઠવાઇ. યોગતીર્થના સર્જન પછી અહીં આ પૂ. માની પહેલી જ બેઠક હતી. અહીં પૂ. માની નવી રચનાઓને યુવાન છોકરીઓના વૃંદે મંજીરા, ઢોલક, વગેરે વાદ્યો સાથે એવા સૂરીલા કંઠે સાથ પૂરાવ્યો કે સમગ્ર વાતાવરણ બે કલાક સુધી—એકધારું પૂ. માના પદોના ગૂંજનથી સભર બની ગયું.ભગવાન કૃષ્ણની મોરલીના સ્વરોમાં સાનભાન ભૂલેલી ગોપીઓની જેમ—૫૦ કરતાંય વધુ સાધક ભાઇબહેનો ભરદિવસના પ્રકાશમાં પોતાના આસ્તિત્વનું સાનભાન ખોઇ બેઠા! કેવી અદ્‌ભુત અનુભૂતિ! કોઇ સમર્થ લેખક કે કવિ—એને શબ્દોમાં શી રીતે વર્ણવી શકે? એ તો માત્ર અનુભૂતિનો જ વિષય. એક સરસ સ્મૃતિ પૂ. માના સાન્નિધ્યની સહુ માટે બની ગઇ!

શ્રી નારાયણ જાનીએ પૂ. શ્રી સાથેની લાગણી સભર ઘટના-ઓ વર્ણવી—પૂ. શ્રીની યાદને સહુના મનમાં તાજી કરી દીધી. સહુ એ યાદો સાંભળવામાં એવા તો રસ તરબોળ થયા કે કેટલાક સાધકોની પાંપણોએ અશ્રુબિન્દુનાં તોરણ બંધાઇ ગયાં. જાણે પૂ. માના સાન્નિધ્યે બીજી રાસલીલા જ રમાઇ ગઇ!

### ત્રીજા એકાંત મૌનમાં પ્રવેશ.

તા. ૨૭—૭—૦૩ ને ગુરુવારે રાતે દોઢ વાગે એકાએક પૂ. માએ એકાંત મૌનમાં પ્રવેશ કર્યો—તો તે જ રીતે ૨૯—૭ રવિવારની વહેલી સવારે દોઢ વાગે બે દિવસના એકાંત મૌનમાંથી પૂ. મા બહાર આવ્યાં. સૌને આશ્ચર્ય થયું. પૂ. માની

એક વિશે-ષતા—જ્યારે જુઓ ત્યારે પ્રસન્ન અને આનંદમાં જ દેખાય. ત્યારે પણ એવા જ આનંદમાં. તુરત યુવાન દીકરીઓ જાગીને ભેગી થઇ ગઇ અને ઢોલક મંજીરા સાથે 'ૐ નમો ભગવતે યોગેશ્વરાય' અને બાવનીઓનું ગાન શરૂ થઇ ગયું. સમગ્ર વાતાવરણ મધુર મૃદુ કંઠે ગવાતા પ્રભુનામના સંકીર્તનથી છવાઇ ગયું.

વહેલી સવારે અઢી વાગ્યા હતા. આકાશમાં ચંદ્રમાને ઢાંકતો વાદળયુક્ત આછો પ્રકાશ રેલાઇ રહ્યો હતો. આકાશમાંથી ક્યાંક તારાઓ ડોકિયાં કરી પૂ. માની આ લીલા નિહાળી ઘડીમાં સંતાઇ જતા. પ્રકૃતિ સાવ સ્તબ્ધ ને નીરવ હતી. પૂરા એક કલાક સુધી—સ્વર્ગારોહણના પટાંગણના બગીચાની પૂ. માની આ પ્રદક્ષિણા—મંત્રગાન ને ધૂન સાથે ચાલતી રહી. પૂ. માએ સૂચવ્યું 'અરે, સ્વર્ગારોહણમાં આવ્યા છો—તો હવે જાગો—ઊઠો અને પરમ શાન્તિમાં પોઢી રહેલી પ્રકૃતિમાં તમેય અંતરને ઝબોળી તેમાં સદાય જાગ્રત રહેતા આત્મદેવનું ધ્યાન કરો. સંસારમાં બહુ ઊંધ્યા. હવે તો જાગો. પ્રભુસ્મરણ માટેનું સ્વર્ગારોહણ તો એક સ્વર્ગ છે. અહીં સંસાર નથી, એની કોઇ પળોજણોય નથી. એટલે સાધકે અહીં આવીને—પ્રભુપ્રાપ્તિનો એનો સ્વાર્થ સાધી લેવાની જાણે કે મૌન ધારણ કરીને પૂ. મા આલબેલ પુકારી રહ્યાં છે.'

પછી પૂ. માએ બગીચાના એક બાંકડા ઉપર પોતાની બેઠક લીધી. સાધક ભાઇબહેનો પણ સન્મુખ બે વિભાગમાં ગોઠવાઇ ગયા.

બ્રાહ્મમુહૂર્તનો એ સરસ સમય છે, શ્વેતવસ્ત્રધારી મા મૌનની સાકાર પ્રતિમાસમાં સ્થિર અંતરમુખ બની વિરાજી રહ્યાં છે. કેટલીક ક્ષણો નિસ્સ્તબ્ધ પસાર થઇ જાય છે. પણ પૂ. માને



સાધકોને આવા સમયના સદુપયોગની વાત સમજાવવી છે, એથી શ્રી કલ્યાણને બોલવા કહે છે. તેઓ પણ ભાવવિભોર સ્થિતિમાં જાણે વિક્ષેપ પાડવા ના માગતા હોય તેમ માના આવા મૌનની સરાહના કરી બેસી જાય છે. પછી પૂ. મા શ્રી નારાયણભાઇ જાનીને કંઇ કહેવા આદેશ આપે છે.

તેઓ કહે છે—પૂ. માનું રાત્રે દેઢ વાગે સાધક ભાઇબહેનોને જાગ્રત કરવાની આ લીલા ભગવાન કૃષ્ણની રાસલીલા કરતાં જરાય ઉતરતી નથી, જુઓને, પૂ. માના હજારો ભક્તોમાંથી થોડા ભાગ્યશાળી જ આમાં સામેલ થઇ શક્યા છે. રખે માનતા કે વ્રજમાં જ રાસલીલા ભજવાય. જ્યાં પણ પ્રભુ કે પ્રભુના પાગલ ભક્તો વિચરણ કરતા હોય છે, ત્યાં વ્રજ જ ખડુ થાય છે, આજે આપણે અહીં એવા એક વ્રજમાં જ છીએ અને પૂ. મા આપણને મૌનના મહિમાની વાંસળી સંભળાવી રહ્યાં છે.

પૂ. માના એકાંત મૌનનાં સાક્ષી શ્રી મંજુલાબેન ભાવસારે પણ કહ્યું—આજની આવી ઘટના એ એક સરસ સુખદ સ્મૃતિરૂપ બની ગઇ. આવી લીલાઓ જ સાચા સંતોના મહિમાને પ્રગટ કરે છે. કેવું સરસ પ્રશાંત વાતાવરણ છે! કુદરત કેટલી શાન્ત અને સૌન્દર્યસભર છે. પરંતુ તેનો આસ્વાદ તો પૂ. મા જેવા સંતો જ જાણે છે અને બીજાઓને માણવા પ્રેરે છે.

સવારે ૪—૩૦ વાગે આ લીલા પૂરી થઇ.

પરંતુ એટલાથી સંતોષ માને તો મા શાનાં? હવે સૂવાનું કેવું! પ્રાતઃકાળનું સલૂણું પ્રભાત પ્રકટી રહ્યું છે—સૌ પ્રાતઃવિધિ પતાવવામાં લાગી ગયાં અને પૂ. માની સાથે જ પૂ. માના આવાસ બહાર પ્રણામ કરવામાં જોડાઇ ગયા. રોજ બાવનીઓના ગાન અને પ્રભાતફેરી પછી થતા પ્રણામોનો ક્રમ આજે બદલાઇ ગયો. પછી તે બધું કરવામાં આવ્યું. પૂ. મા કદીક નિયત

## ★ સદ્‌ગુરુ યોગેશ્વર પંથ બતાવો ★

સદ્‌ગુરુ યોગેશ્વર પંથ બતાવો,
અમ હૈયે જ્ઞાનદીપ પેટાવો. સદ્‌ગુરુ૦

ભૂલ્યા ભવોભવ ભટકી ભટકી,
મતિ અમારી જાય છે અટકી;
ગુરુજી! ભવતાપ મીટાવો. સદ્‌ગુરુ૦

સેવા-પૂજા કંઈએ ન જાણું,
નિર્ધનિયાનું તમે છો નાણું;
ગુરુજી! માયા મોહથી છોડાવો. સદ્‌ગુરુ૦

દોરા—ધાગા કરીને થાક્યા,
આડે મારગે વાહન હાંક્યાં;
ગુરુજી! સત્યપંથે લઈ જાઓ. સદ્‌ગુરુ૦

જડી—બુટ્ટી એવી જડે નહીં,
દવા કોઈ વૈદની લાગુ પડે નહીં;
ગુરુજી! હવે વૈદ બનીને આવો. સદ્‌ગુરુ૦

લડવા જાવું છે વગર હથિયારે,
પાર ઉતરવું પ્રભુના સથવારે;
પછી ચિન્તા કેમ જરીએ સતાવે! સદ્‌ગુરુ૦

**—નિર્મભયરામ કા. વૈષ્ણવ.**
**ભાવનગર.**

○



પ. પૂ. માના પાંચ દિવસના મૌન એકાંતનું પર્વ સાધકોએ બહાર શી રીતે મનાવ્યું?

## સાધકોએ

વિશાલ રમેશભાઈ પટેલ

| ક્રમ | સાધકોના નામ | પ્રણામ | જપ |
|---|---|---|---|
| ૧ | કલ્યાણજી—રાજકોટ | ૨૫૧-રોજ | — |
| ૨ | મધુસૂદન આર પોપટ—રાજકોટ | ૧૨૫-રોજ | ૨ કલાક-રોજ |
| ૩ | મોહનભાઈ બી. પટેલ—રાજકોટ | ૧૨૫-રોજ | — |
| ૪ | ચંદ્રકાંતભાઈ જી. પંડ્યા—રાજકોટ | — | — |
| ૫ | વિનુભાઈ અમીન—વડોદરા | — | — |
| ૬ | ડૉ. હરેન્દ્ર સુરતીયા—ઝણોર | — | ૬૦ હજાર જપ |
| ૭ | ઘનશ્યામભાઈ દેસાઈ—સ્વર્ગારોહણ | — | — |
| ૮ | રંજનબેન દેસાઈ—સ્વર્ગારોહણ | — | ૩૫૦ માળા-રોજ |
| ૯ | રંજનબેન ઠાકર—અમદાવાદ | ૧૬૦-રોજ | — |
| ૧૦ | દમયંતીબેન ઠાકર—અમદાવાદ | ૭૫-રોજ | સવાલાખ જપ |
| ૧૧ | પ્રભાબેન જી. પટેલ—સુરત | ૧૧૧-રોજ | દોઢ કલાક-રોજ |

# લીધેલ નિયમો

| પાઠ/વાંચન | કુટિયાની પ્રદક્ષિણા | ઉપવાસ | મૌન/વિશેષ નિયમ |
|---|---|---|---|
| વાંચન-૧ કલાક લેખન-૧ કલાક | ૧ કલાક રોજ | — | — |
| ૩ મા-પ્રભુની બાવની રોજ | ૫ રોજ | — | — |
| — | — | — | — |
| ૩૯૯ પાનાનું વાંચન | | | |
| ૨૩૦ પાનાનું વાંચન | | | |
| ૩૦ સુભાષિતનાં શ્લોક-નાં અર્થનું લેખન | — | — | — |
| ૬ કલાક વાંચન રોજ | | | |
| — | — | — | ૬ કલાક મૌન રોજ ૩ કલાક ધ્યાન-રોજ |
| — | — | — | ૧ દિવસ મૌન |
| ૨-યોગેશ્વર લીલામૃતનાં પારાયણ | | | |
| ૨-સરળગીતાનાં પારાયણ | — | — | — |
| ૬૦ બાવની માની રોજ | ૧૦૦ રોજ | પાંચ દિવસ ફળાહાર | — |
| શિવમહિમ્નનો પાઠ-રોજ લીલામૃત પારાયણ-રોજ | — | — | ૬ કલાક લેખન રોજ |
| ૧૭૫ શિવમહિમ્ન પાઠ પાંચ દિવસમાં | — | પાંચ દિવસ ફળાહાર | પાંચ દિવસ મૌન |
| ૧૧-મા-પ્રભુની બાવની | — | — | — |



| ક્રમ | સાધકોના નામ | પ્રણામ | જપ |
|---|---|---|---|
| ૧૨ | હસુબેન વી. જોષી—વડોદરા | ૧૫૦-રોજ | ૫ દિવસ મૌનજપ |
| ૧૩ | ચંપાબેન પુરોહિત—પાલનપુર | ૧૫૧-રોજ | ૩૦૦ માળા-રોજ |
| ૧૪ | સરોજબેન કાકા—વડોદરા | — | ૧૦૦ માળા-રોજ |
| ૧૫ | મંજુબેન અમીન—વડોદરા | — | ૧૦૧ માળા-રોજ |
| ૧૬ | કુસુમબેન આર. દેસાઈ—વડોદરા | — | — |
| ૧૭ | દમયંતીબેન ભક્ત—કપુરા | — | ૧૦૨૫ માળા |
| ૧૮ | મંજુબેન ભાવસાર—વડોદરા | — | સવાલાખ જપ |
| ૧૯ | દીપુબેન વાંસદીયા—ઝણોર | — | ૧૫૧ માળા-રોજ |
| ૨૦ | દિવ્યેશ લેખડીયા—સુરત | ૫ દિવસમાં ૨૮૦૦ પ્રણામ | — |

| પાઠ/વાંચન | કુટીયાની પ્રદક્ષિણા | ઉપવાસ | મૌન/વિશેષ નિયમ |
| --- | --- | --- | --- |
| લીલામૃત પારાયણ રોજ ૩૩-બાવની એક પગે ઊભા રહીને | ૫૧-કુટીયાની ૨૫-યોગતીર્થની | — | પાંચ દિવસ મૌન |
| ૧-દૈવી સ્તોત્ર ૧ અધ્યાય લીલામૃતનો રોજ | ૧૦૮-રોજ | — | પાંચ દિવસ મૌન |
| ૧-લીલામૃત પારાયણ રોજ ૫-મા-પ્રભુની બાવની રોજ | ૫૧-રોજ | — | પાંચ દિવસ મૌન સવારે ૭ થી સાંજે ૭ |
| ૧ કલાક સદ્‌ગ્રંથનું વાંચન-રોજ | ૧૧-રોજ | — | — |
| ૨-લીલામૃત પારાયણ ૧-ગીતાજીનું પારાયણ ૫૧-યમનાષ્ટકનાં પાઠ | ૫૧-કુટીયાની ૫૧-યોગતીર્થની | — | — |
| ૨૫-મા-પ્રભુની બાવની ૩-લીલામૃતનાં પારાયણ ૪-વિષ્ણુસહસ્રનામ ૪-શિવમહિમ્નસ્તોત્ર | ૧ કલાક રોજ | — | — |
| — | — | — | — |
| ૧ લીલામૃતનું પારાયણ રોજ | — | — | — |
| — | — | — | — |

**નોંધ :** મૌનએકાંત ૫ દિવસનું લેતાં પહેલાં માએ સૌ સાધકોને જણાવ્યું કે તમારે પણ કોઇ વિશેષ નિયમો લેવા હોય તો લઇ શકો છો તો અહીં ૨૨, ૨૩ સાધકો હતા તેમાંથી ૨૦ સાધકોએ ૫ દિવસ માટે જ વિશેષ નિયમો લીધા ને તે નિયમો પાળી શકાયા તેની આ નોંધ છે.



### સ્વર્ગારોહણ અને પ. પૂ. મા શ્રી સર્વેશ્વરીની વિરલતા દર્શાવતો

# એક પ્રથમ મુલાકાતી યુવાનનો પત્ર

**વિશાલ રમેશભાઇ પટેલ**

**સ્વર્ગારોહણ એ તો ખરે જ પૃથ્વીપરનું સ્વર્ગ જ છે.**

**ૐ મા**

હાલમાં હું નેચરોપથીમાં અભ્યાસ કરું છું અને કમ્પ્યુટરમાં (DIT) કમ્પ્લીટ છું. નેચરોપથીમાં યોગ એક વિષય તરીકે જ આવે છે. શરૂઆતમાં તો મેં આ અભ્યાસક્રમમાં જોડાતા પહેલાં મેં યોગ વિષે કશું સાંભળેલું પણ નહિ, પરંતુ ધીમે ધીમે અમારા લેક્ચરર શ્રી આર. જે જાડેજા સાહેબ અમોને સામાન્ય આસનો કરાવતા. ત્યારબાદ મને આ વિષય વધારે ને વધારે ગમવા માંડ્યો. ધીમે ધીમે મેં આ વિષયમાં વધારે ને વધારે સમય આપીને અને શ્રી જાડેજા સાહેબની આંગળી પકડીને ૫ માસમાં હું સ્પર્ધા રમવા માટે તૈયાર થઇ ગયો! પ્રથમ ઇન્ટર યુનિવર્સિટીની સ્પર્ધા બોટાદમાં હું ૧૦ મો આવ્યો. ત્યારબાદ સ્ટેટ ચેમ્પીયનશીપમાં પાંચમો અને બેંગ્લોર ખાતે યોજાયેલ ઓપન નેશનલ યોગસ્પર્ધા—૨૦૦૨ માં હું ૩ જા ક્રમે આવ્યો. હાલમાં હું ખૂબ જ પ્રેક્ટિસ કરું છું અને પૂ. માના આશીર્વાદથી હું બીજી નેશનલ રમવા બેંગ્લોર જઇ રહ્યો છું.

અભ્યાસ માટે ભાવનગરથી ૪૫ કિલોમીટર દૂર આવેલા સણોસરા (લોકભારતી) ગામમાં હું રહું છું, અને અભ્યાસ માટે હું સણોસરાથી ભાવનગર અપ ડાઉન કરું છું. સણોસરામાં મારા ઘેર પ્રેક્ટિસ કરતાં કરતાં સણોસરા ગામની હાઇસ્કૂલના બાળકોને

હું તૈયાર કરું છું. આટલું જ નહિ, તમામ બાળકોને આસન માટે જાડી શેતરંજી સ્ટીમબાથ, માલિશ, એક્યુપ્રેશર, યોગની વિશેષ લાઇબ્રેરી જેવી તમામ સુવિધા કોઇ પણ પ્રકારના લોભ કે પૈસાની લાલચવિના ફીમાં આ તમામ બાળકોને મેં પૂરી પાડી છે અને એથી બાળકને જે આનંદ મળે છે તે જ મારી મૂડી છે.

શ્રી જાડેજા સાહેબને મારું આ કામ ખૂબ જ પસંદ છે. અને તેથી જ તેમણે જ્યારે સ્વર્ગારોહણમાં સ્પર્ધા હતી ત્યારે મારા ઘરે ફોન કરીને જણાવેલ કે તું તો ભાગ નહિ લઇ શકે, પણ તારા બાળકોને લઇને ત્યાં આવ. જ્યારે સ્પર્ધા પૂરી થવાના બીજા જ દિવસે મારી નેચરોપથીની ફાયનલ એકઝામ હોવા છતાંય હું શ્રી સાહેબને ના ન પાડી શક્યો. અને મેં હા તો પાડી દીધી, પણ ત્યારબાદ મારા મનમાં ઘણા પ્રશ્નોએ ધમાલ મચાવી દીધી કે—

- પ્રથમ વખત હું બાળકોને લઇને જઇ રહ્યો છું.
- ત્યાં પૂરતી સુવિધા હશે કે કેમ?
- બાળકો પાસે પૈસા ખૂટી જશે તો?
- બાળકોના વાલીના અનેક પ્રશ્નો.
- બાળકોના રમત માટેના જુદા જુદા પ્રશ્નો.
- સ્પર્ધા પૂરી થાય ને તરત જ હું બસમાં બેસું તો પેપર સમયે ભાવનગર પહોંચીશ કે કેમ? બસ મળશે કેમ કેમ?

આવા અનેક પ્રશ્નો મનમાં ઊભા થયેલા (પરંતુ બન્યું એવું કે આખરે આવો એક પણ પ્રશ્ન મારી સામે ન આવ્યો. માની કૃપા.) છતાં બાળકો ખૂબ ઉત્સાહિત હતા, ભાવનગરથી બીજી ટીમ પણ આવવાની હતી અને પૂ. માની મારા પર કૃપા હશે કે જેથી મારું મન ત્યાં આવવા માટે તૈયાર થઇ ગયું.



આથી ભાવનગર જિલ્લાના ગ્રામીણના બાળકોમાંથી અંબાજી મુકામે લાવવા માટે તળાજા તેનું સિલેક્શન હતું. તેમાં ૯ માંથી ૫ બાળકો મારી ટીમનાં સિલેક્ટ થયાં. આ બાળકોને અઠવાડિયા સુધી અઢી વાગ્યે જગાડીને મહેનત કરાવી અને છેવટે ત્રણ દિવસ અગાઉ અમે અંબાજી આવી ગયા અને અંબિકા ગેસ્ટહાઉસમાં રોકાઇ અને આબુપર્વત પર પ્રવાસ કર્યો અને અંબાજી માતાના દર્શન કર્યા. બરોબર સ્પર્ધાના આગળના દિવસે રાત્રે અમે સ્વર્ગારોહણમાં આવી પહોંચ્યા.

સ્વર્ગારોહણમાં પહોંચતાં જ—પ્રવેશતાં જ મને કંઇક જુદો જ અનુભવ થયો. કારણ કે સ્પર્ધા તો ઘણી જ રમી ચૂક્યો પરંતુ આટલો માનવતાભર્યો આવકાર ક્યાંય જોવા પણ નહોતો મળેલો. સ્વર્ગારોહણમાં પહોંચતાં જ ત્યાંના ભાવથી કરાવેલા ભોજનનો આનંદ લીધો જે હજુ ભૂલાણો નથી અને તેથી જ લખું છું કે—

હે સ્વર્ગારોહણમા તું કોક દી,
ભૂલો અને ભૂલોય પડ ભગવાન.
તારા એવા તો કરશે સ્વાગતા.
અરેરે તને સ્વર્ગ ભૂલાવશે શામળા.

અત્યાર સુધી હું પૂ. યોગેશ્વરજી કે મા સર્વેશ્વરી વિશે કશું જાણતો ન હતો. ભોજન બાદ બીજા માળે પૂ. યોગેશ્વરજીનું જીવનચરિત્ર જોયા બાદ ઘણો ખરો ખ્યાલ આવ્યો કે સ્વર્ગારોહણ શું છે.

બીજા દિવસે સ્પર્ધા રમાવાની શરૂ થઇ, જે સંપૂર્ણ ન્યાયી લાગી. ભોજનની સુંદર વ્યવસ્થા, પાણીની, રહેવાની, બેસવાની

તમામ સુવિધા જોઈને હું છક થઈ ગયો કે આમ કેમ હોઈ શકે? એકાદ સેકન્ડ બાદ મારા 'મને' જ મને જવાબ આપ્યો કે વિશાળ સ્વર્ગારોહણની વ્યવસ્થા કરવાવાળા, સ્વયંસેવકો, ભોજન બનાવવાવાળા અને પીરસનાર, પાણી લાવનાર, અને પાણી પાનાર, સ્વચ્છતા માટે વાળનાર તે કોઈ પગારદાર માણસો નથી, પરંતુ અહીંનો સાધક ગણ છે અને આજ સુધીમાં તેં જે જોયા છે તે પગારદાર માણસો જોયા છે. તેને ફક્ત રૂપિયા સાથે લાગણી હોય છે. સાચા હૃદયને તેઓ ઓળખી શકતા નથી. તે કાર્ય તો સ્વર્ગારોહણમાં જ થઈ શકે.

બીજા દિવસની સાંજ પડી અને પ્રવાસ બાદ અમે સ્પર્ધાનું આયોજન કરેલું એટલે થાકેલા ખૂબ હતા, પણ અહીંની વ્યવસ્થાના વખાણ કરતાં બાળકો થાકતા જ ન હતા.

છેવટે રાત્રિના ૧૨ વાગે અમે સૂતા. આ રાત્રિનો એક અદ્‌ભુત બનાવ મારા જીવનમાં બનેલો. રૂમ નં. ૧૩ અમને ફાળવવામાં આવેલો. અમે મોડા સૂતા એટલે નિંદ્રા ખૂબ જ આવી ગઈ હતી. હું તો મારું રૂા. ૮૦૦૦ ભરેલ પાકીટ મૂકવાનું પણ ભૂલી ગયો. પાકીટ મારી બાજુમાં પડેલું હતું અને હું ઘસઘસાટ સૂતો હતો. એવામાં રાત્રિના અઢી વાગ્યે કોઈ આદિવાસી બારીમાંથી લાકડી નાંખી અને છૂપી રીતે એ પાકીટને લાકડીમાં પરોવી અને ખેંચી રહ્યો હતો. બરોબર એ જ સેકન્ડે ધડાકા સાથે પૂ. માએ મને જગાડી દીધો! આટલું જ નહિ, જાગતાંની સાથે મારું શરીર બેઠું થઈ ગયું અને મારી દૃષ્ટિનું પ્રથમ કિરણ મારી માની લાંબી લાકડી તેમાં રહેલું પાકીટ અને તે ખેંચી રહેલા માણસપર પડ્યું. આ પછીની એક જ સેકન્ડના ચોથા ભાગમાં



વિજળી ઝબકારે મારું શરીર ત્યાંથી ઊંચું થઈ મારો હાથ સીધો જ પાકીટપર પડ્યો, અને લાકડીમાં રહેલું પાકીટ મેં લઈ લીધું અને પેલો માણસ લાકડી મૂકીને ભાગી ગયો. તરત જ મેં બાળકોને જગાડ્યા, ચોકીદારને વાત કરી તો તેણે બધા રૂમોની બારી બંધ કરાવી.

ખરેખર આટલી ગતિથી મારા શરીરે ક્યારેય સ્થળાંતર નથી કર્યું અને ક્યારેય રાત્રે હું આ રીતે વિના કારણ જાગતો જ નથી. કદાચ એકાદ સેકન્ડ પણ હું મોડો જાગત તો પેલો માણસ પાકીટ ઉપાડી જાત. તમામ બાળકોના રૂપિયા તેમાં હતા. હું તેને શું જવાબ આપત? પણ આ ખરેખર પૂજ્ય માનો મારી પરનો આ પરચો જ છે. આ રાત્રિએ મને સમજાવી દીધું કે મા કોણ છે? ત્યારબાદ આખી રાત્રિ મારા સ્વપ્રમાં શ્રી મા રહ્યાં હતાં. આ રાત્રિ હું નહિ ભૂલું, આ સ્વર્ગારોહણ હું નહિ ભૂલું.

બીજા દિવસે સમાપન સમારોહમાં પૂ. માની કૃપા બધા જ બાળકોપર એકસરખી વરસી. તમામ બાળકોને ઈનામ અરે! સ્પર્ધા ન રમે તેને પણ (સાધક ગણ) ઈનામ. ટીમ મેનેજરોને પણ ઈનામ અને જજને પણ ઈનામ આપ્યાં. આ જોઈ મારું હૈયું ખૂબ ગદગદી ઊઠ્યું. આવું મેં ક્યારેય મારા જીવનમાં જોયેલું જ નહિ અને કદાચ બીજે ક્યાંય આવું જોવા પણ નહિ મળે.

ખૂબ જ સુંદર, આટલું મોટું અને અદ્‌ભુત આયોજન છતાં ક્યાંય પગે લાગીને ભેટ થાળ કે રૂપિયા મૂકવામાં આવતા ન હતા છતાં આટલું મોટું ખર્ચ કોણ ઉપાડતું હશે? મારા આ પ્રશ્નનો જવાબ મને છેલ્લે સ્વર્ગારોહણ—પૂ. યોગેશ્વરજી—અને પૂ. મા સર્વેશ્વરીના પરિચય બાદ મળી ગયો.

આવા કળીયુગમાં ચારે તરફ હડકાયા કૂતરા જેવા લોકોની વચ્ચે મા કોઇ પણ પ્રકારના લોભ લાલચવિના, કંઇ પણ સ્વીકાર્યા વિના ફક્ત આપવાનું જ કાર્ય કરે છે. તે ખરેખર આનંદાશ્ચર્ય—અજોડ—અણમોલ—અનુપમ ગણાય. તેનાં વખાણ માટે હું કયા શબ્દો વાપરુ તે મને સમજાતું નથી.

તેથીય વધારે ઉદાર સાધકગણ કોઇ પણ વસ્તુ—વ્યવસ્થા માગો તરત જ કરી આપે. જો માની મારાપર કૃપા થાય અને આવા સાધકગણમાં મારો સમાવેશ થાય અને લોકોની આવી રીતે સેવા કરી આનંદ મેળવવાનો લાભ મને મળે, તો પૂ. માનો ઉપકાર હું ક્યારેય નહિ ભૂલું.

બીજું કે મારું શરૂઆતનું જીવન સુરતમાં ગાળ્યું. મારો જન્મદિવસ ૨૧—૦૪—૧૯૮૩ છે. ઇ. સ. ૧૯૮૭/૮૮/૮૯/ ૯૦ માં હું સાધના સ્કૂલમાં ધોરણ પહેલું, બીજું, અને ત્રીજું ભણેલો. ત્યારબાદ પિતાના હીરાના વ્યવસાયમાં અડચણ ઊભી થતાં ગામડામાં ભણું છું.

પૂ. મા એ સ્કૂલનાં પ્રિન્સિપાલપદે હતાં, એ વાત જાણી ખૂબ જ આનંદ થયો. પરંતુ હું તે વખતે નાનો હતો. ત્રીજાં ધોરણ અડધેથી જ ગામડે આવી ગયો હતો મને ખ્યાલ નથી કે અમારા પ્રિન્સિપાલ કોણ હતાં.



# ગુરુપૂર્ણિમાની પૂર્વસંધ્યાએ

**મા સર્વેશ્વરી**

## ગુરુચરણે પૈસા સિવાય કોઇ જીવન ઉપયોગી નિયમ ભેટમાં ધરો.

સાચા અપરિગ્રહી ગુરુ શિષ્ય પાસે ગુરુપૂર્ણિમાના પવિત્ર પર્વ નિમિત્તે ધન કે સંપત્તિ નથી માગતા. તેની પ્રતીતિ પૂ. મા સર્વેશ્વરીએ અંબાજીમાં પર્વની ઉજવણી નિમિત્તે એકત્રિત થયેલ સાધકોને કરાવી.

ગુરુપૂર્ણિમાની આગલી રાતે સાધકોને સંદેશો આપતાં પૂ. માએ લખ્યું, “(દરેક સાધકે) પોતાની શક્તિ પ્રમાણે ફક્ત આવતી કાલ માટે જ પાળી શકાય તેવા નિયમો લેવાના છે. એ નિયમોની જ ભેટ શ્રી ગુરુચરણે ધરવાની છે. કોઇ પણ પૈસાની ભેટ ના મૂકે. ગુરુપૂનમથી પંદરમી ઓગષ્ટ સુધી સંસ્થા પણ એ નિયમ પાળશે.”

પૂ. માએ પ્રારંભમાં જ લખ્યું, “આવતી કાલે સૌ ગુરુદેવ પ્રભુની પાદુકાને પ્રણામ કરે ને આવતી કાલ માટે જ ૧ નાનકડો નિયમ લે.”

જેમ કે આજે શ્રી ગુરુચરણે ૧૧ માળા, બાવની ધરીશ, ૧૧ પ્રણામ કે પ્રદક્ષિણા ધરીશું.

બાવની, માળા, પ્રણામ કે કુટિયાની પ્રદક્ષિણા કે યોગતીર્થની અંદરની પ્રદક્ષિણા—૧૧, ૨૧, ૫૧, ૧૦૧ કે પ્રણામ અને માળા ૨૫૧, ૫૦૧ થઇ શકે.

માળા કરતી વખતે મૌન રાખો, આંખને શ્રી હરિચરણે સ્થિર કરો.

આવતી કાલે શ્રી ગુરુ વિષે જે જે વાર્તાલાપ થશે તેને પણ ધ્યાનથી સાંભળો. વધારાના પ્રણામનો નિયમ યોગતીર્થની લોબીમાં પણ પાળી શકાય.

હીંચકા પર બેસીને કે હરતાં ફરતાં પણ મૌન રાખીને તમારા નિયમો પાળી શકાશે.

આવતી કાલે યોગતીર્થ આખો દિવસ ખુલ્લુ રહેશે.

પૂ. માની કેવી કરુણા છે! હે જીવ, તું માત્ર એક દિવસ માટે તો છેક હળવો જ નિયમ લઇ શ્રી સદ્‌ગુરુના ચરણે ધર, અને તેના યથાર્થ પાલન માટે તું પોતે જ તારો ચોકીદાર બન.

નિયમ લેવાથી મન પર એક લગામ ચઢે છે. એટલે એક નાનકડા સંકલ્પથી તેનો પ્રારંભ કર. આજે શરૂઆત કરીશ તો આવતી કાલ તારા હાથમાં જ છે. આમ એક એક કરતાં જ આગળ વધાય.

પ્રારંભ કરો તો જ સાધનાનો માર્ગ કપાશે. બસ, પૂ. મા આ પ્રારંભ જ કરવાનું કહે છે, જેથી પગલાં ભરતાં ભરતાં કોઇક દિવસ પૂર્ણતાની મંજિલે પહોંચાશે.

૦

**❀ લેખકોને સૂચના ❀**

'અધ્યાત્મ' માટે જે લેખો મોકલાવો તે મોટા **સુવાચ્ય** અક્ષરે અને **આંકેલા** ફૂલસ્કેપના કાગળ ઉપર એક જ બાજું લખી મોકલવા વિનંતી છે, જેથી કંપોઝીટરોને સરળતા રહે.

—તંત્રી



### એક સાધકની નજરે

# ગુરુપૂર્ણિમાની ઉજવણી

**સર્વેશ્વરી ચરણરજ**

આજે તા. ૧૩–જુલાઇ ને ગુરુપૂર્ણિમાનો દિવસ છે. પ્રભાતનો સમય છે. વરસાદના અમી છાંટણાથી સવાર પણ શીતળ બની છે. સાધકો પ્રભાતફેરીના સમય પહેલાં જ પ્રાતઃકાળની વિધિથી પરવારી સાતના ટકોરે તૈયાર થઇ ગયા છે. પરંતુ વરસાદને લીધે બધા પૂ. માની સૂચના પ્રમાણે યોગકૈવલ્યમ્ હોલમાં ગોઠવાઇ બાવનીઓ ને મંત્રગાન પછી પૂ. માના સાન્નિધ્યમાં પ્રણામમાં જોડાય છે. કેસેટના મંત્રગાન સાથે પૂ. મા, તાલબદ્ધ રીતે ઝડપથી પ્રણામો કરે છે. પરંતુ પૂ. માની ગતિ સાથે બહુ ઓછા તાલ મીલાવી શકે છે. પૂ. માની સ્ફૂર્તિ અને શક્તિ આટલા ઉપવાસો પછી પણ આશ્ચર્ય પમાડે તેવી છે.

ત્યાં હોલમાં એક શણગારેલી પાલખી લાવવામાં આવે છે. સાધક બહેનોએ જ તેને સજાવી છે. તેમાં પૂ. ગુરુદેવ પ્રભુનું પૂ. માએ તૈયાર કરાવેલ નવું સ્વરૂપ પધરાવવામાં આવ્યું છે— સાથે પૂ. શ્રીની પાદુકાઓ પણ છે, આ પાલખીને ખભા પર ઉંચકવાનો પહેલો લહાવો પૂ. મા બાળ–સાધકો સાથે કેનેડાથી પધારેલ શ્રી જ્યોત્સ્નાબેન શાહ, અમેરિકાથી આવેલ વિનોદભાઇ પટેલ શ્રી શાંતિભાઇ પરિવાર, શ્રી ઘનશ્યામભાઇ વગેરેને ધરે છે. આયોજક શ્રી રાજુભાઇ જાની જણાવે છે કે હાજર રહેલ દરેક સાધકને આ લહાવો વારા ફરથી મળવાનો છે. એમાં બેનો પણ ખરી. એ રીતે ક્રમબદ્ધ રીતે સાધકો પોતાના ખભા પર પૂ. શ્રીની પાદુકા અને સ્વરૂપને ધારણ કરી આજના પર્વના દિને

કૃતકૃત્યતા અનુભવે છે. સંકીર્તન યાત્રાની અગિયાર પ્રદક્ષિણાઓ સારાય વાતાવરણને ગુરુદેવ પ્રભુના નામગૂંજનથી ભરી દે છે.

સંકીર્તન પછી પૂ. ગુરુદેવ પ્રભુની અમૃત સભર ઉપદેશ-વાણીના શ્રવણનો લહાવો સહુ સાધકોને પ્રાપ્ત થાય છે. તેમાં પૂ. શ્રી સમજાવે છે ઘણા લોકોને વારે ઘડીએ ગુરુ અને મંત્રો બદલવાની ટેવ હોય છે. કોઇ નવી વ્યક્તિને જોઇને, જૂના ગુરુને પડતા મૂકીને નવા ગુરુને સ્વીકારે છે. તેમનામાં એવી ભ્રમણા કામ કરતી હોય છે—જૂના ગુરુ અને એમણે આપેલા મંત્રમાં કોઇ પાણી નથી. સાચી વાત એ છે કે બધા સારા ગુરુઓ અને પ્રભુના મંત્રો યોગ્ય જ હોય છે, પરંતુ શિષ્ય જો તેને શ્રદ્ધા, ખંત અને પ્રેમપૂર્વક ના જપે તો કોઇ મંત્ર કદી ફળે શી રીતે? અંતમાં પૂ. ગુરુદેવશ્રીએ જણાવ્યું કે સાધકે પોતામાં, પૂ. ગુરુમાં, મંત્રમાં અને ભગવાનમાં પ્રેમ અને શ્રદ્ધા રાખી મંત્રજપ કરતા રહેવું જોઇએ.

ગુરુપૂર્ણિમા નિમિત્તે અમદાવાદથી ખાસ આવેલ પ્રો. તરલા-બેન દેસાઇએ પોતાના પ્રવચનમાં ખાસ કરી પૂ. માની સાધના, તેમનો ત્યાગ અને વૈરાગ્ય, સાધકો પ્રત્યેની તેમની કરુણા અને પ્રેમમય દૃષ્ટિનાં પાસાઓને પોતાને થયેલ વ્યક્તિગત અનુભવોને વર્ણવી આવરી લીધાં હતાં. તે ઉપરાંત તેમના દ્વારા થતી લોક-હિતની પ્રવૃત્તિઓને પણ બિરદાવી હતી.

આજે દરેક સાધકને પૂ. માએ તેના સ્થાનપર જઇ, આશીર્વાદ સાથે દક્ષિણા આપી, જે એક અનોખી વાત બની રહી. તે પછી પૂ. શ્રીની પાલખીને કુટિયામાં વિરામ આપવામાં આવ્યો.

ગુરુપૂર્ણિમાના ઉત્સવ નિમિત્તે આજના મિષ્ટ ભોજનનું આયો-જન કેનેડા નિવાસી શ્રી જ્યોત્સ્નાબેન રાજુભાઇ શાહ તરફથી હતું.



બપોર પછી પૂ. શ્રીની પાલખીને ધારણ કરવાનો લહાવો સ્વર્ગારોહણમાં કામ કરતા નોકરોને મળ્યો. તે પહેલાં તેઓ બધાંને—નવા રૂમાલો ને દક્ષિણા પૂ. માના હાથે આપવામાં આવી. આમ વિરામ પછી પૂ. શ્રીની પાદુકાઓ ને સ્વરૂપને ફરી પાછાં સંકીર્તન સાથે મુખ્ય હોલમાં પધરાવવામાં આવ્યાં.

આવી પર્વ ઉજવણી સાથે પૂ. મા હમેશા સત્કર્મોને જોડતાં જ રહે છે. આ સત્કર્મમાં સહભાગી થયાં છે ઇંગ્લેન્ડના શ્રીમતી મંગળાબેન પબારી, જેમના તરફથી છોકરીઓને ડ્રેસ આપવામાં આવી રહ્યો છે, તો મુંબઇનાં શ્રીમતી ભારતીબેન તરફથી સ્ટીલ ડબા. અને નોટબુકો કેનેડાનાં શ્રી રૂપલબેન શાહ તરફથી. વળી દરેક બાળાને એક થેલી પણ પૂ. મા તરફથી આપવામાં આવી. તેમાં એક પુસ્તક, સરલગીતા, કેસેટ, પૂ. શ્રીનું સ્વરૂપ, ફૂટપટ્ટી, પ્રસાદ વગેરે હતું.

આ સત્કર્મની લાભાર્થી ૫૦ બાળાઓ અંબાજીની બી. ડી. મહેતા આરાસુરી કન્યાલયની તેમ જ હડાદ ગામની અરવલ્લી કન્યાવિદ્યાલયની હતી. તેઓને આ વસ્તુઓની ભેટ જેમના હાથે આપવામાં આવી તેઓ હતાં—શ્રીમંગળાબેન, શ્રી ભારતીબેન, શ્રી રૂપલબેન, શ્રી જ્યોત્સ્નાબેન અને અમેરિકાના શ્રી વિનોદભાઇ પટેલ. આટલી બધી વસ્તુઓ પૂ. માની ઉપસ્થિતિમાં એક સાથે મળતાં બધી જ બાળાઓના મુખ ઉપર ખુશી અને આનંદ વરતાતો હતો. કેમ ના વરતાય? આવું આવી ઉદારતાપૂર્વક પૂ. મા જ આપી કે અપાવી શકે.

આ ઉપરાંત ૨૫ જેટલી નાના ગરીબ બાલિકાઓને ફ્રોક સાથે પ્રસાદ પણ વહેંચવામાં આવ્યો હતો. આ ફ્રોક શ્રી મધુબેન

જાગાણીએ પૂ. માની સૂચના મુજબ વધેલ કપડામાંથી પોતાની આગવી સૂઝથી તૈયાર કર્યાં હતા.

આ સત્કર્મનું આયોજન સર્વમંગલ ચેરિટેબલ ટ્રસ્ટ તરફથી કરવામાં આવ્યું. ટ્રસ્ટ વતી શ્રી રાજુભાઇ જાનીએ બધી વિગતો રજૂ કરી.

પ્રાસંગિક પ્રવચનોમાં શ્રી કુન્દનબેન રાણા અને શ્રી હરિભાઇ ભોજાણીનાં વક્તવ્યોનો સમાવેશ થતો હતો.

પાલખીને પુનઃ યોગતીર્થમાં લઇ જઇ સ્વરૂપ અને પાદુકાઓને ત્યાં પધરાવવાનો લહાવો બીજા સાધકો ઉપરાંત શ્રી મંગળાબેન અને તેમના પુત્રનાં બે સંતાનોને પણ મળ્યો. પશ્ચિમી દુનિયામાં જન્મી ઉછરેલાં આ બે જણ માટે એક નવો જ રોમાંચક અનુભવ બની ગયો.

રાતની બેઠકમાં શ્રી હરિભાઇ ભોજાણીએ શ્રી રાજેશભાઇ ઝવેરીની પુસ્તીકામાંથી સાચા ગુરુ અને શિષ્યનો સંબંધ કેવો હોય તે વિષે વાંચન કર્યું હતું જેમાં તેઓએ શિષ્યમાં કેવાં પ્રેમ શ્રદ્ધા અને સમર્પણ હોવા જોઇએ—તે વિસ્તારથી સમજાવ્યું છે.

આમ આજનું પર્વ સંકીર્તન યાત્રા અને સત્કર્મની લહાણ સાથે ગુરુમહિમાના ગાનથી પૂ. માએ અનોખી રીતે ઉજવ્યું.


**સ્થાપત્ય કન્સ્ટ્રક્શન**

**પ્રો. મનીષ હરિભાઈ ભોજાણી**

**બિલ્ડર્સ એન્ડ ડેવલપર્સ**

મધુર કોમ્પ્લેક્ષ, શનાળા રોડ, મહારાજા ટાઇલ્સ સામે,
મોરબી-૩૬૩૬૪૧
ફોન : (ઓફિસ) ૨૨૧૩૮૧, (રહેઠાણ) ૨૩૦૨૨૨,૨૨૬૯૦૩




# સુભાષિતો

**दन्तिदन्तसमानं हि निःसृतं महतां वचः।**
**कूर्मग्रीवेव नीचानां पुनरायाति याति च॥**

મહાપુરુષોનું નીકળેલું વચન હાથીના બહાર નીકળેલા દાંતના સમાન હોય છે. દાંતની જેમ તે કદી પાછું પેસતું નથી. જ્યારે નીચ માણસોનાં વચન કાચબાની ડોકના જેવાં હોય છે, તે બહાર નીકળે છે અને ફરી અંદર પેસી જાય છે.

**यथा चित्तं तथा वाचो यथा वाचस्तथा क्रियाः।**
**चित्ते वाचि क्रियायां च साधूनामेकरूपता॥**

સત્પુરુષોને જેવું ચિત્તમાં હોય તેવી જ વાણી બોલાય છે, અને જેવી વાણી બોલાઇ હોય તેવી જ ક્રિયાઓ થાય છે. ચિત્ત, વાણી અને ક્રિયામાં (વિચાર, વાણી અને વર્તનમાં) સત્પુરુષો એકરૂપતા-વાળા હોય છે.

('સુભાષિત રત્નભંડાર'માંથી)

◎

# સંતવાણી

યોગેશ્વરજી

નિત્યનિરંજન મુક્ત હું તો સચરાચરમાં રમનારો,
સચરાચરમાં રમનારો!
યોગીશ્વર, ભક્તજનોને વર અભય સદા ધરનારો,
હું તો અજરઅમર નિત ન્યારો. નિત્યનિરંજન૦
પૂરણ પરમાતમ હું સ્વામી, સૃષ્ટિ સકળમાં વ્યાપ્યો,
મનબુદ્ધિથકી વણમાપ્યો. નિત્યનિરંજન૦
સંત નિગમઆગમે વખાણ્યો, સર્વમહીં વસનારો,
હું તે કોનાથકી જણાયો? નિત્યનિરંજન૦

★ ★ ★

ગુરુ એ ઈશ્વરનો અવતાર એને ક્ષુદ્ર મનુજ ના માન.
પોતે તરી અપરને તારે દયાર્દ્ર કરુણાગાર,
અકારણ દયા કરે વિમલ ને સમદર્શી સુખધામ.
સ્વાર્થ નહીં પ્રેમથકી દેતા પલટાવી જનકાય,
ઉપમા ક્યાં પારસલોહાની કરતા આપસમાન.
મમતાહીન, નિરાભિમાનની પ્રતિમા, બાલસમાન,
ધારે તે કરવા સમર્થ, કરતા જનહિતને કાજ.
ગુરુશરણમાં જા, ન સાધના કરવી પડશે ભ્રાત,
સંત ગુરુનાં ચરણ સેવતાં વસ્તુ સર્વ સેવાય.

⊙



# પ્રેરણાત્મક દૃષ્ટાંતો

સ્વ. પંડિત શિવપ્રસાદ દલપતરામ

## એક શીખ ગાડીવાળાની ગુરુ ભક્તિ

જ્યારે બાદશાહ ઔરંગઝેબની આજ્ઞાથી ગુરુ તેગબહાદુરનું શિર દિલ્હી શહેરમાં કાપી નાખવામાં આવ્યું, ત્યારે એવો હુકમ આપવામાં આવ્યો હતો કે, એમના શબનો કોઇ પણ પ્રકારે સંસ્કાર કરવા દેવામાં આવશે નહિ. રાજમાર્ગમાં જ્યાં આગળ તેને કાપી નાખવામાં આવ્યું હતું, ત્યાંજ પડીને સડ્યા કરશે! ગુરુ ગોવિંદસિંહ એ વખતે સોળ વર્ષના બાળક હતા. એ પિતાના અંત્યેષ્ટિસંસ્કાર કરવા સારુ પંજાબથી દિલ્હી જતા હતા, એવામાં એક શીખ ગાડીવાળો અને તેનો પુત્ર સાથે તેમનો મેળાપ થયો. એ લોકોનો ઘણો આગ્રહ જોઇ ગોવિંદસિંહે એ કાર્ય એમને જ સોપ્યું. એમણે શીખલોકોના એકમાત્ર આધાર, ગુરુના બાળકપુત્ર ગોવિંદસિંહને અનેક સંકટોથી ભરેલા દિલ્હી નગરમાં જવા દીધા નહિ અને બહાર નિર્ભય સ્થાનમાં રાખીને, પોતે નગરમાં જઇને તપાસ કરી તો જણાયું કે, પહેરાવાળાઓ ગુરુ તેગબહાદુરના સડવા માંડેલા શબની માથું ફાટી જાય એવી દુર્ગંધને લીધે દૂર બેઠા બેઠા ઝોકાં ખાઇ રહ્યા હતા. વસ્ત્રથી ઢાંકેલું શબ ચાર રસ્તાની વચમાં પડી રહ્યું છે. પિતાપુત્રે ગુપચુપ ગુરુના શબની પાસે જઇને શબ ઉપાડી લઇ જતી વખતે નક્કી કર્યું કે, "આપણા બેમાંથી એક જણે પોતાના પ્રાણ ખોવાની જરૂર છે; કેમકે આ શબની જગ્યાએ બીજા કોઇનું શબ ઢાંકીને નહિ મૂકીએ, તો પહેરાવાળાઓને જાગતાંવાર જ એનો પત્તો લીગી જશે અને તેઓ

ચારે તરફ તપાસ કરવા સારુ દોડશે, તો આપણે તરત જ પકડાઇ જઇશું અને ગુરુજીના શબની ફરીથી દુર્દશા થશે.'' પુત્રે કહ્યુંઃ ''પિતાજી! મને મરવા દો.'' પિતાએ કહ્યુંઃ ''તારું શરીર સબળ છે, ગુરુજીનો દેહ ઊંચકી જવાને તું વધારે યોગ્ય છે. વળી નવા ગુરુના તાબામાં રહીને ધર્મને સારુ યુદ્ધ કરવાનો વખત આવશે, ત્યારે પણ તું યુવાન હોવાથી વધારે કામ લાગીશ; માટે મને જ મરવા દે.'' એમ કહીને એ ગાડીવાળાએ પોતાના પેટમાં શાંતિથી એક છરો ભોંકી દઇને આત્મવિસર્જન કર્યું. પુત્રે લોહીથી ખરડાયેલા એ દેહને ગુરુના દેહને ઠેકાણે મૂકીને તેના ઉપર પહેલાંની પેઠે જ ચાદર ઢાંકી દીધી અને ગુરુના દેહને ઊંચકીને તે ચાલતો થયો!

સાચા મહાપુરુષના સંસર્ગથી પ્રજાના અભ્યુદયકાળમાં આખી પ્રજા મહાન થવા માંડે છે અને તેનામાં ઊંચા પ્રકારનો આત્મ-ત્યાગ—ઉદય પામે છે.

## યુધિષ્ઠિરનો એકસંપીનો ગુણ

એકસંપથી કાર્ય કરવાના સંબંધમાં ભારતવર્ષના મહારાજા યુધિષ્ઠિરનો ઉપદેશ આજકાલ યુરોપવાસીઓ જેવી રીતે અમલમાં લાવે છે, તેવી રીતે આપણે લાવતા નથી. એ લોકોમાં ધર્મ, રાજ-નીતિ અને આર્થિક સ્થિતિને અંગે અનેક પ્રકારના એકબીજાથી વિરુદ્ધ અભિપ્રાય ધરાવતા વર્ગો છે; પરંતુ જ્યારે બહારના શત્રુ સાથે કામ પડે છે, ત્યારે તેઓ સઘળા એકસંપી થઇ જાય છે. હાલમાં ચાલતા મહાયુદ્ધમાં પણ આપણે એ જ વૃત્તિ જોઇ છે.

જ્યારે પાંડવોને વનમાં મોકલીને પોતાનો વૈભવ દેખાડવા સારુ દુર્યોધન સૈન્ય અને સામંતો સહિત ઉજાણી કરવા ગયો,



ત્યારે તેના સૈનિકોએ ચિત્રરથ ગંધર્વના બાગમાં પ્રવેશ કરીને કાંઇક નુકસાન કર્યું; એટલે ગંધર્વે ગુસ્સે થઇને કૌરવો ઉપર ચડાઇ કરી તથા યુદ્ધમાં બધાને હરાવીને દુર્યોધનને કેદ પકડ્યો. પાંડવોને એ સમાચાર મળ્યા, ત્યારે ભીમ વગેરે ભાઇઓ પ્રસન્ન થઇને કહેવા લાગ્યાઃ ''બહુ સારું થયું; કરે તેવું પામે અને વાવે તેવું લણે.'' યુધિષ્ઠિરે એથી નારાજ થઇને અર્જુનને આજ્ઞા આપી કે, ''તું હમણાં ને હમણાં જઇને દુર્યોધન ભાઇને છોડાવી લાવ. જ્યારે આપણે માંહોમાહે લડીએ ત્યારે તો આપણે પાંચ ભાઇઓ એક તરફ અને એ સો ભાઇઓ બીજી તરફ; પણ જ્યારે કોઇ ત્રીજા પક્ષ સાથે લડીએ, ત્યારે આપણે એક સો ને પાંચ ભાઇઓએ એક તરફ થઇ જવું જોઇએ. સામા પક્ષવાળો આપણામાંથી કોઇનો પણ વાળ વાંકો કરે, તો એમાં આપણા બધાનું અપમાન અને નુકસાન છે.''

ઉદાર સ્વભાવના, દૂરંદેશ અને ધર્મપરાયણ વડા ભાઇનો ઉપદેશ સાંભળીને અર્જુન તરત જ શસ્ત્ર સહિત દુર્યોધનને છોડાવવા સારુ ઊપડી ગયો અને ગંધર્વોની સાથે યુદ્ધ કરીને તેને છોડાવ્યો.

## ગુરુ નાનક અને એકાગ્રચિત્તે પ્રાર્થના

સુલતાનપુરના નવાબે એક દિવસ ગુરુ નાનકને બોલાવીને કહ્યું કે, ''તમે મુસલમાન ધર્મની ઘણી મોટી વાતો કરો છો, તો આજે મારી સાથે નમાજ પઢો.'' ગુરુજીએ એમ કરવાનું કબૂલ કર્યું; પરંતુ જ્યારે નવાબ નમાજ પઢવા લાગ્યો, ત્યારે નાનક એક તરફ ઊભા રહ્યા. જ્યારે એમને પૂછ્યું કે, ''તમે શા સારુ નમાજ ન પઢ્યા?'' ત્યારે તેમણે તરત જ ઉત્તર આપ્યો કે, ''હું

તમારી સાથે નમાજ કેવી રીતે પઢી શકું? તમે કાબૂલમાં ઘોડા ખરીદવા ફરતા હતા અને નમાજ પઢાવનારા કાજીના મનમાં એવી ચિંતા હતી કે, મારો વાછડો કાંઇ કૂવામાં ન પડી જાય.'' નવાબ અને કાજી, ગુરુ નાનકનાં આ સ્પષ્ટ વચનો સાંભળીને ચૂપ થઇ ગયા.

ખરી વાત છે કે, ઈશ્વરની ઉપાસના કરતી વખતે સંસારનાં કાર્યોમાં ચિત્ત રાખવાથી કાંઇ લાભ મળતો નથી. ઉપાસના એકાગ્ર-ચિત્તે જ થવી જોઇએ.

### ઈશ્વરની સર્વવ્યાપકતા (ગુરુ નાનક)

ગુરુ નાનક એક વખત મક્કા શરીફની યાત્રાએ ગયા હતા.ત્યાં આગળ પોતે કાબાની તરફ પગ કરીને સૂઇ ગયા. કાજીએ એથી ગુસ્સે થઇને ઘણો ઠપકો દીધો. કેમકે એમના ધર્મ પ્રમાણે કાબા તરફ પગ કરવા એ નિષિદ્ધ કર્મ હતું. નાનકે કાજીને પૂછ્યું કે, ''કાજી સાહેબ! આપ મારા ઉપર શા સારુ આટલા બધા ગુસ્સે થાઓ છો? મેં આપનો શો અપરાધ કર્યો છે?'' કાજીએ કહ્યું: ''તું ખુદાના ઘર તરફ પગ કરીને સૂઇ રહ્યો છે અને વળી પૂછે છે કે, મારો શો અપરાધ છે?'' ગુરુ નાનકે કહ્યું : ''માફ કરો સાહેબ! આપ મારા પગ એ દિશામાં રાખી આપો કે જે દિશામાં આપના ધારવા પ્રમાણે ખુદાનું ઘર ન હોય!'' કાજીએ તેમના જ્ઞાનથી છક થઇને શિર ઝુકાવ્યું.

ઈશ્વરનો વાસ સર્વત્ર છે; પરંતુ જે સર્વત્ર તેનો અનુભવ કરે છે, તે જ મહાપુરુષ છે.



# મુંડક ઉપનિષદ્ (૧૧)

મહાત્મા યોગેશ્વરજી

### (૧૧) પરમાત્માનું દર્શન

માણસ જ્યારે પોતાની અંદર રહેલા પરમાત્માને જોઇ લે છે ત્યારે બધી જાતના ભેદભાવમાંથી મુક્તિ મેળવે છે. ત્યારે જ તે સાચા અર્થમાં જ્ઞાની કહેવાય છે. જ્ઞા એટલે જાણવું. એટલે જેણે આત્માને જાણ્યો કે અનુભવ્યો છે તેને જ સાચા અર્થમાં જ્ઞાની કહી શકાય. તેવો અનુભવી પુરુષ આત્મા કે પરમાત્મા વિશે બહુ વાદવિવાદ નથી કરતો. વાદવિવાદ કરવાનું તેને કોઇ કારણ જ નથી રહેતું. કેમકે તેને આત્માનો અપરોક્ષ અનુભવ થઇ ચૂક્યો છે. એટલે તેના તે વિશેના સઘળા સંશયો શાંત થાય છે, શમી જાય છે, ને સૌમાં આત્માનો અનુભવ કરતાં તે સંપૂર્ણ શાંતિ ને તૃપ્તિપૂર્વક જીવનના સર્વ કર્મો તદ્દન તટસ્થભાવે કરતો રહે છે. એવો અનુભવી જ્ઞાની બધી જાતના બ્રહ્મવેત્તાઓમાં શ્રેષ્ઠ કહેવાય છે. તે આત્માનું દર્શન જેનેતેને નથી થતું. તેના દર્શન માટે સતત સાધના ને ઊંડી અંતરશુદ્ધિની જરૂર પડે છે. જે સત્યપરાયણ ને તપમય જીવન જીવે છે, વિવેકી ને સંયમી બને છે, તે તેને મેળવી શકે છે. તે પરમાત્મતત્ત્વ સૂક્ષ્મથી પણ સૂક્ષ્મ ને દૂરથી પણ દૂર છે. તે છતાં તદ્દન નજીક—સૌની અંદર રહેલું છે. આંખ ને વાણી તથા બીજી ઇન્દ્રિય તેનો સંપૂર્ણપણે પાર પામી શકતી નથી, તપ ને કર્મ પણ તેના રહસ્યની ઉપલબ્ધિ સંપૂર્ણપણે નથી કરી શકતાં; તેના દર્શન માટે તો માણસે વિવેકી થવું જોઇએ, ને બુદ્ધિને નિર્મળ તેમ જ મનને સાત્વિક ને સ્થિર કરી તે તત્ત્વનું સતત ધ્યાન ધરવું

જોઇએ. એકાંત ને શાંત સ્થાનમાં આસન વાળીને, અંતરમુખ થઇને, લાંબા વખત લગી નિયમિત રીતે બેસવું જોઇએ. તેવી અંતરંગ સાધનાની સહાયથી જ તેને જોઇ શકાય, ને તેનો પાર પામી શકાય છે, આત્માની અનુભૂતિમાં કોઇ મોટા ભણતરની કે વિશ્વવિદ્યાલયની ડિગ્રીની જરૂર નથી, તેમાં કોઇ ઊંડી પંડિતાઇ ને તર્કશક્તિ પણ નથી જોઇતી. વાદવિવાદ ને બુદ્ધિ કૌશલ્યની પણ તેમાં આવશ્યકતા નથી. તેમાં તો જોઇએ છે તદ્દન સરળ, નિખાલસ, નમ્ર ને નિર્મળ મન; બધી જાતના દંભ ને પૂર્વગ્રહથી મુક્ત એવું પ્રેમ ને ભાવથી ભરપૂર સંયમી હૃદય; આગળ વધવા-ની ને કોઇ પણ હિસાબે ને ભોગે આગળ વધવાની તીવ્ર તરસ ને લગન; આદર્શને પ્રાપ્ત કરવાનો મક્કમ નિરધાર ને તે માટેની જરૂરી સાધનાનો અમલ કરવાનો ઊંડો ને અખૂટ એવો ઉત્સાહ; હિમાલય જેવી દૃઢતા, મક્કમતા ને કામચલાઉ નિષ્ફળતા, નિરાશા ને અસફળતાના લંબાણમાં પણ અડગ રહે તેવી શ્રદ્ધા ને ધીરજ; બીજા બધાં કામને ગૌણ ગણીને આત્મિક ઉન્નતિના કામને જ મુખ્ય માનવાની ને તેને માટે બનતું બધું કરી છૂટવાની તમન્ના ને વૃત્તિ. તેવી યોગ્યતાના અભાવને લીધે જ મોટા ભાગના મુસાફરો નિરાશ થાય છે, ધીરજ ને શ્રદ્ધા ખોઇ બેસે છે, અકાળે કરમાઇ કે કોઇ આડવાતમાં ફસાય જાય છે, ને સાધનાના સુમેરુ શિખરને સર કરી શકતા નથી. સતત સાવધાની, અનંત શ્રદ્ધા, અખૂટ આશા, અનવરત સાધના ને નિષ્ઠાની જરૂર છે. દરિયા-માંથી મોતી કાઢનાર મરજીવાની જેમ, મનને નિર્મળ કરીને  માણસે પોતાના હૃદયરૂપી દરીયામાં રાતદિવસ ડૂબકી મારતાં શીખવું જોઇએ. સંસારના બાહ્ય



ચળકાટ, આકર્ષણ, પ્રભાવ ને સ્વાદથી પર થઇને અંદરના ખજાનાની શોધમાં આદુ ખાઇને રાતદિવસ આગળ વધવું જોઇએ. જેમનો સ્વભાવ ટીકા ને નિંદા જ કરવાનો છે, ને જે આપણને બરાબર જાણતા નથી ને જાણવાની પરવા પણ કરતા નથી, તેવા લોકોના અભિપ્રાયોને લેશ પણ ગણકાર્યા વિના, પરમાત્મા પર શ્રદ્ધા રાખીને, સદા આગળ ને આગળ વધતા રહેવું જોઇએ. આત્મદર્શનનો માર્ગ તો પ્રમાણમાં ઘણો સહેલો ને સફળતાવાળો થઇ શકે. એમાં શંકા નહિ. સાધકોએ આ વાત સદાને સારુ યાદ રાખવાની છે.

## સુખની ઈચ્છા, સફળ થવાનાં સાધનો

(૧) દુર્જનના સંગનો ત્યાગ.
(૨) સજ્જનનો સમાગમ.
(૩) અહોનિશ પુણ્યકાર્ય કરતા રહેવું
(૪) સાંસારિક પદાર્થોમાં અનિત્યતાનું વારંવાર સ્મરણ

## કયી બાબતોમાં શરમ ન રાખવી

(૧) ધનની લેણદેણ કરવામાં
(૨) વિદ્યા શિખવામાં
(૩) ભોજન કરવામાં
(૪)અન્ય પ્રકારના વ્યવહારમાં

# ધ્યાન પરિપક્વ ક્યારે લેખાય?

**યોગેશ્વરજી**

**तत्र प्रत्यैकतानता ध्यानम्—तत्र** એટલે કે જે ધ્યેય પદાર્થ હોય, જેનું આપણે ધ્યાન કરતા હોઈએ તેમાં **एकतानता**—એકાગ્રતા, તન્મયતા, તલ્લીનતા તેનું નામ ધ્યાન, મહર્ષિ પતંજલિ કે' છે. તૈલધારાવત્ અસ્ખલિત રીતે પરમાત્માના સ્મરણ, મનન ને ધ્યાનમાં આપણું મન જયારે જોડાઈ જાય અને એકદમ એકાગ્રતાનો અનુભવ કરે ત્યારે ધ્યાન થયું એમ ગણાય. વિક્ષેપરહિત મનની અવસ્થા ધ્યેયપદાર્થની અંદર મન બહારના ને અંદરના વિક્ષેપોથી મુક્તિ મેળવીને, અંતરાયોમાંથી મુક્તિ મેળવીને લાગેલું જ રહે, બીજું કંઈ બહારનું યાદ જ ન આવે, બીજા કોઈ પદાર્થનું સ્મરણ જ ન થાય, કોઈ પણ પ્રકારનો વિક્ષેપ ઊભો ન થાય, શરીરનું ભાન પણ જાણે કે ચાલ્યું ગયું હોય તેમ લાગે, બાહ્ય વિષયો ને પદાર્થોનું ભાન અને ધ્યાન તો રહે જ નહીં, ત્યારે ધ્યાન પરિપક્વ અવસ્થાપર પહોંચ્યું એમ ગણાય છે.



# ❄ વધુ માંગીએ ❄

સને ૧૯૯૮ ના સપ્ટેમ્બરમાં પ. પૂ. મા શ્રી સર્વેશ્વરીના નવરાત્રિ દરમ્યાન વડોદરાથી અંબાજી આવતાં રસ્તામાં થયેલ ભયંકર અકસ્માતના સમાચાર અમેરિકા ખાતે સાંભળી, શ્રી પરમાર્થીના મનમાં ઊઠેલા પ્રતિભાવો આ સોનેટ કાવ્યમાં અક્ષર-દેહ પામ્યા છે. **—તંત્રી**

(અનુષ્ટુપ)

થતી ભારે પ્રવૃત્તિના વેગને અટકાવવા,
અકસ્માતતણું બ્હાનું શોધી કાઢ્યું ખરું તમે!
જપ યજ્ઞ થશે પૂરો હવે અનન્ય ભાવથી,
હિત છે સર્વનું તેમાં સમજ્યા નહિ તે અમે!
કરુણાથકી ભીંજાયાં પહેલે નોરતે અહો,
ભક્તોની આપદા ઓઢી હોંસે હોંસે રહ્યાં સહી!
તિતિક્ષા અદકી જાણે આદરી પ્રજળી રહ્યાં,
પરં વૈરાગ્યને તાપે વર્ષ ચૌદેક તો વહ્યાં!
ઉપવાસી શરીરે મા વીતશે કેટલા હજી?
મૌનની સરવાણીથી રહ્યા શું—પ્રભુને ભજી?
થતું રહો બધું તારી ઈચ્છા અનુસાર મા,
અમારા મનને રાખો સ્થિર સાત્ત્વિક ભાવમાં!
વરસાવો કૃપા માડી છીએ સૌ બાળકો અમે!
વધુ ના માંગીએ કાંઈ શરણે રાખજો તમે!

**—પરમાર્થી**

# સદ્ગુરુનો દેખાવ અને વ્યહવાર

**શ્રીમદ્ રામજચંદ્ર વચનામૃત**

શ્રીમદ્ રાજચંદ્રે કહ્યું છે, ''કામ એક આત્માર્થનું, બીજો નહિ મન રોગ.'' ભૂખ હોય તેને ભોજન દેખાય, અને તરસ હોય તે રણમાંય પણ પાણી શોધી કાઢે, સાધક હોય તેને સદ્ગુરુ દેખાય અને મુમુક્ષુને મહાત્મા દેખાય, આ ભવ રોગ મીટાવવા સદ્ગુરુને તીવ્ર ઝંખનાથી શોધી કાઢો. તે ગુરુ કેવા હોય અને સાધકના હિત માટે કેવો વ્યવહાર કરે તે વાત શ્રીમદ્‌ના પ્રખર અભ્યાસુ એવા પૂ. શ્રી રાકેશભાઇ ઝવેરીએ પોતાના શ્રીમદ્ રાજચંદ્ર વચનામૃતના તેમના મુંબઇ ખાતેના તા. ૧૦—૬—૨૦૦૨ ના વ્યાખ્યાનમાં સરસ રીતે સમજાવી છે, તેમાંથી થોડો ભાગ સાધકોના હિત અર્થે અહીં રજૂ કર્યો છે. તે સહુને ઉપયોગી થશે એવી આશા છે.

—તંત્રી

## ગુરુથી ભયભીત

સદ્ગુરુ હંમેશાં 'ડંડો' લઇને ફરે છે. ગુરુના હાથમાં ડંડો જોઇને તમે ભયભીત થઇ જાઓ છો. આનું કારણ એ છે કે ડંડામાં તમને સદા ભય જ દેખાય છે. તેમાં તમને ગુરુનો પ્રેમ, તેમની કરુણા દેખાતી નથી, એ તરફ તમારી દૃષ્ટિ જતી નથી.

ગુરુ ડંડો ઊઠાવે છે પરંતુ ક્રોધવશ નહીં, કરુણાવશ, ભયભીત કરવા માટે નહીં પણ જાગૃત કરવા માટે! તેઓ પ્રહાર પણ કરે છે પરંતુ તમને નષ્ટ કરવા માટે નહીં, પણ તમને બનાવવા માટે, તમને પુનર્જીવન બક્ષવા માટે! તેઓ જે કંઇ કરે



છે, એ તમારા વિકાસ માટે કરે છે પણ તમે સમજતા નથી તેથી ભયભીત થાઓ છો. જ્યાંસુધી ભક્તિ જાગતી નથી, ત્યાંસુધી તેમની કોઇ પણ ચેષ્ટા—કરુણાની ચેષ્ટા પણ તમને ભયભીત કરતી લાગે છે.

તમે નિદ્રામાં હો, કોઇ સુંદર સ્વપ્ન જોઇ રહ્યા હો અને જો કોઇ તમને એ સ્વપ્નમાંથી જગાડે તો તમને કેવું લાગે છે? તમને એવું લાગે છે જાણે આ વ્યક્તિ મારું સપનું તોડી રહી છે, મારું સર્વસ્વ લૂંટી રહી છે...એવું જ સદ્ગુરુનું છે. તમે હોંશમાં નથી. અજ્ઞાનનિદ્રામાં દેહાદિ સાથેના તાદાત્મ્યનું સપનું જોઇ રહ્યા છો, 'હું'ભાવના મિથ્યા આનંદમાં રાચી રહ્યા છો. આ સ્વપ્નમાંથી તમને જગાડવા હોય, સ્વપ્નમાંથી સત્ય તરફ લઇ જવા હોય તો હાથમાં દંડ લેવો પડે કે નહીં? જે સુશિષ્ય છે તે જાણે છે કે મારા અહંને તોડવા આમ કરવું આવશ્યક છે. તે તો ગુરુનો ઉપકાર માને છે કે સારું કર્યું, મારું સપનું તોડી મને સત્ય તરફ વાળ્યો. પણ જે સુશિષ્ય નથી, તે તો સ્વપ્નમાંથી જગાડનાર સદ્ગુરુથી ભયભીત થઇ જાય છે, તેમને દુષ્ટ, હિંસક માને છે.

જો ગુરુનો ડંડો બરાબર લાગી જાય તો તો આવો પ્રશ્ન થાય નહીં કે કેમ તેઓ આ રીતે ભયમાં રાખે છે. પણ તમે ખૂબ બાધા ઊભી કરો છો તેથી ડંડો બરાબર લાગતો નથી. તમે જાગતા નથી અને અહંકારમાં પડ્યા રહો છો તેથી તમે ભયભીત થાઓ છો કે કદાચ અપમાનિત કરી દેશે તો...? તમારે આત્મકલ્યાણ પણ કરવું છે અને પોતાનો અહંકાર પણ બચાવવો છે; પોતાની મતિથી જીવવું પણ છે અને ગુરુને શરણેએ જવું પણ છે; પોતાની પસંદગી—નાપસંદગી રાખવી પણ છે અને સમર્પિતભાવે રહેવું પણ છે....જીવની અહંનાશની તૈયારી નથી અને સાચી વાતની

તેને ખબર નથી તેથી તેને વિકલ્પ જાગે છે કે ગુરુ કેમ ભયમાં રાખે છે.

પણ જે સાચા અર્થમાં શિષ્ય છે તેને તો શ્રી ગુરુ ડંડો ઊભો કરે છે ત્યાં તેમની કરુણાનાં જ દર્શન થાય છે. તે તો રાજી થઈ જાય છે, કારણ કે ઘણા કાળના નિજપરિશ્રમથી જે કાર્ય થતું ન હોય તે કાર્ય કરુણાની એક લહેરમાં થઈ જાય છે.

### ચૂકી ન જવું

જો સમર્પિતભાવે રહો અને ડંડો બરાબર તમારા મર્મસ્થળ ઉપર લાગવા દો, ઘા થાય ત્યાં મલમપટ્ટીનો પ્રયત્ન કરવા ન દોડો અન્ય પાસે આશ્વાસન મેળવી ન લો તો અવશ્ય અહંનું મૃત્યુ થાય, અવશ્ય એ ચોટ પાછળની કરુણાનાં દર્શન થાય. પણ જીવ ક્ષુદ્ર વાતો માટે મહાન ઘટનાને ટાળે છે.

શાળામાં શિક્ષકે બાળકને પૂછ્યું, ‘અહીંયાથી કોને સ્વર્ગે જવું છે?’ એક છોકરા સિવાય બધાએ હાથ ઊંચો કર્યો. તે જોઈ શિક્ષકે પૂછ્યુ, ‘કોને અહીંથી નરકે જવું છે?’ આ પ્રશ્નમાં પણ તે છોકરા-એ હાથ ઊંચો ન કર્યો તેથી શિક્ષકે તેને પૂછ્યું, ‘તો પછી તારી શું મરજી છે?’ તેણે જવાબ આપ્યો, ‘આજે મારા ભાઈની વર્ષગાંઠ હોવાથી સવારે મમ્મીએ કહ્યું હતું કે સ્કૂલ છૂટે કે સીધો ઘરે આવી જજે...’ તમે પણ આ છોકરાની જેમ નાની નાની વાત માટે સ્વર્ગને—મોક્ષને છોડવા રાજી થઈ જાઓ છો. સત્સંગમાંથી છૂટીને પાછા ઘરે ચાલ્યા જવું છે! ‘હું પૂરો ખોટો નથી’ એ સિદ્ધ કરવા જતાં પરમાત્માને—સદ્ગુરુને ખોઈ બેસો છો. ક્ષુદ્ર અહંકારને પોષવા, તુચ્છ આસક્તિને બચાવવા અહંનાશની મહાન ઘટનાને અંતરમાં આકાર લેવા દાતા નથી.....



તમે સૌ ગહન નિદ્રામાં હોત તો તો અહીંસુધી પહોંચ્યા જ ન હોત. અહીં આવ્યા છો એ જ બતાવે છે કે નિદ્રામાંથી તંદ્રામાં તો આવ્યા છો. થોડું ભાન પ્રગટ્યું છે પણ હજી અહંનાશ કરવાની હિમ્મત, તેનું સાહસ ભેગું કરી શક્યા નથી. તેથી જ્યારે ગુરુનો ડંડો માથા ઉપર પડે છે ત્યારે બચવાની ચેષ્ટા કરવા લાગો છો. મરવાને રાજી થતાં નથી તેથી પુનઃજન્મ થતો નથી. પુનઃજન્મ વિના તમે તમારામાં રૂપાંતરણ જોઈ શકશો નહીં.

ગુરુની નારાજગી તો માત્ર એક પ્રયત્ન છે, એક આશા છે કે એ ચોટ પડ્યા પછી તો તમે જાગૃત થશો. પ્રવચનથી જે ન થયું તે પ્રહારથી કોઈ વાર ઘટે એવી કરુણાભાવના છે. નિદ્રા બહુ ગહન જોઈ ગુરુ ચોટ કરે છે કે હવે આનાથી તમે જાગો. હાલરડું સંભળાવી સુવડાવી દે તે ગુરુ નહીં.

### ગુરુની ‘નારાજગી’

સદ્ગુરુ શિષ્યને પાસે પણ બોલાવે છે, પછી દૂર પણ કરે છે. કેવી રીતે ખબર પડે કે સદ્ગુરુએ અપ્રસન્નતાથી, નારાજ થઈને શિષ્યને પોતાથી દૂર કર્યો છે કે પછી આશીર્વાદના રૂપમાં, પ્રસન્નતાથી, વિકાસ અર્થે દૂર કર્યો છે?

જે ગુરુ નારાજ થાય તે ગુરુ નહીં અને જે શિષ્ય, દૂર કરવામાં આવે ત્યારે એમ વિચારે કે અપ્રસન્નતાથી મને દૂર કર્યો હશે તો તે શિષ્ય નહીં....ગુરુ નારાજ નથી હોતા. તેઓ એવા ઊંચા સ્તરે પહોંચી ગયા છે કે જ્યાં નારાજ થવાની વાત જ સમાપ્ત થઈ ગઈ છે. ગુરુને નારાજ થવાનાં અનેક કારણ શિષ્ય આપે છે પણ તેઓ નારાજ થઈ શકતા નથી. ગુરુ નારાજ થઈ

ન શકે પણ તેઓ નારાજગી દેખાડી તો શકે જ. તેથી ગુરુ જ્યારે નારાજ દેખાય ત્યારે કાચા શિષ્યને ગુરુ સંબંધી સંદેહ અને વિકલ્પ ઊઠે છે પણ સુશિષ્યને તેવા કોઇ વિકલ્પ ઊઠતા નથી. ઊલટું તે તો આત્મનિંદાપૂર્વક પશ્ચાત્તાપ કરે છે કે મારામાં એવા દોષો પડ્યા છે કે જેને કાઢવા માટે નારાજગીનો અભિનય કર્યા સિવાય ગુરુને ચાલે એમ નથી. આ અભિનય વિના મારા દોષો ટળશે નહીં, એમ ગુરુને અત્યંત આવશ્યક લાગ્યું હશે તેથી જ તેઓ કરુણાભાવથી આમ કરી રહ્યા છે.....ગુરુની પ્રસન્નતા કે તેમની અપ્રસન્નતા—જો તે પલટાતાં હોય તો બેમાંથી એક પણ યથાર્થ નથી. બન્ને અભિનય છે. એ તો જાતજાતના બહાને શિષ્યનું કલ્યાણ કરવા પ્રવૃત થયેલી સદ્ગુરુની નિષ્કારણ કરુણા જ છે.....

ગુર્જિએફ ઘણી વાર નારાજ થતા દેખાતા. એમની નારાજગીનું રહસ્ય જેઓ સમજી શકતા ન હતા, તેઓ ભાગી જતા અને જેઓ તે સમજી શકતા હતા. તેઓ ટકી જતા; તેઓ જાણતા હતા કે એમના જેવું કોમળ હૃદય પ્રાપ્ત કરવું અતિ કઠિન છે. ગુર્જિએફ પાસે બે વ્યક્તિ મળવા આવી હોય. એક એમની ડાબી બાજુ બેસે અને એક એમની જમણી બાજુ બેસે. ગુર્જિએફ જ્યારે ડાબી તરફ જુએ ત્યારે નારાજ દેખાય અને જમણી તરફ જુએ તો પ્રેમપૂર્ણ! બન્ને જ્યારે બહાર નીકળે તો વિવાદમાં પડે કે ગુર્જિએફ કેવા છે. એક કહે દુષ્ટ પ્રકૃતિના અને બીજો કહે કે આટલી પ્રેમાળ વ્યક્તિ દુનિયામાં જડે નહીં. બન્ને સાચા!! આનું રહસ્ય એ હતું કે ગુર્જિએફ એકને કહી રહ્યા કે તે હમણાં ચાલ્યો જાય, કારણ કે એના ઉપર કામ થઇ શકે એવી હજી એની



તૈયારી ન હતી, પરિપક્વતા ન હતી. તે માત્ર કુતૂહલવશ અહીં આવી ચઢ્યો હતો, પણ તેની ભીતર કોઇ ગહન પ્યાસ ન હતી—ગુરુ પાસે રહેવાની, તેમના હાથે મરવાની.....

જેની અંદર આત્મકલ્યાણની ભાવના તીવ્ર અને ગહન બની ન હોય, એની ઉપર ગુરુ કામ નહીં કરે. પથ્થર ઉપર બીજ ફેંકવાથી બીજ નષ્ટ થઇ જાય છે. જ્યાં હૃદય માનથી મુક્ત થવા માટે રાજી હોય, ત્યાં કામ કરે. બીજના સ્વીકાર માટે ભૂમિ જ્યાં તૈયાર હોય, ત્યાં બીજ રોપે. તૈયાર થયેલ જીવ અને તૈયાર ન થયેલ જીવ—બંને માટે તેમનો વ્યવહાર જુદો હોય પણ એ વિપરીત વ્યવહાર પાછળ પણ હોય તો તેમની નિષ્કારણ કરુણા જ.

## સાચો શિષ્ય

શિષ્ય તે છે કે જે સર્વ ભાવ છોડી દઇ જેમ ગુરુ કહે તેમ કરવા તૈયાર થાય. પોતાની મતિકલ્પના ઉપર મૂકે મીંડું અને તાણે ચોકડી. મન—વચન—કાયા એ ત્રણે યોગના એકત્વથી આજ્ઞા-ધીનપણે વર્તે. તેથી શિષ્ય બનવું એ એક મહાન ક્રાંતિ છે, એક મોટી છલાંગ છે.

ખરો શિષ્ય એ જ છે કે જે ગુરુની ટકોર (નારાજગી) મળે કે ગુરુનો પ્યાર (રાજીપો), બંને વખતે એક જ ભાવદશામાં રહે. આ બંનેનો—પરસ્પર વિરોધી ઘટનાઓનો તે સ્વીકાર કરે છે. માત્ર સ્વીકાર નથી કરતો, બંને પ્રત્યે તેના અંતરમાં અહોભાવ રહ્યો હોય છે, ધન્યવાદની લાગણી રહી હોય છે. તેની ભીતર કોઇ વિરોધભાવ હોતો નથી, અપેક્ષા હોતી નથી. બંનેમાં તે પ્રેમ જોઇ શકે છે, ઉપહાર જોઇ શકે છે. બંનેને તે પ્રસાદ માની શકે છે. પરિણામે તેની મંજિલ હવે દૂર નથી. તેના પગ હવે મંજિલની નિકટ આવવા લાગ્યા છે. તેનો રસ્તો હવે પૂરો થવા આવ્યો

# પૂ. બાપજીનાં પ્રથમ દર્શન

વિજયસિંહ અખુભા રાણા

**(મારા પિતાશ્રીનો અનુભવ)**

લગભગ સમય ઇ. સ. ૧૯૪૧ થી ૧૯૪૨ નો, પિતાશ્રી ઉમલ્લા સ્ટેશને સ્ટેશનમાસ્તરની ફરજ બજાવે. પહેલેથી ધાર્મિક વૃત્તિ અને પ્રવૃત્તિવાળા. એક સાંજે ગામના પટેલે કહ્યું : માસ્તર! નર્મદાકિનારે વેળુગામની સામે કિનારે નારેશ્વર આવેલું એકાંત સ્થાન છે. ત્યાં એક સંતને લોકો બાપજીના નામે ઓળખે છે, તેમના દર્શને જવું છે? જવાની ઇચ્છા પ્રગટ કરી પરંતુ રેલ્વેની ફરજ. રાજપીપળા સ્ટેટની રેલ્વે સવારે અંકલેશ્વર તરફ જાય અને સાંજે ૪ થી ૫ ના સમયે ઉમલ્લાથી પસાર થઇ રાજપીપળા પહોંચે એટલે એ સમયે સ્ટેશનમાં એક જ વ્યક્તિ હોઇ પોતાની બધી જવાબદારી હતી. પટેલને કહ્યું કે આ બે સમયગાળાની વચ્ચે પાછું આવી જવાય?તો દર્શન પણ થાય અને આમ વચ્ચેના સમયનો સદ્ઉપયોગ થઇ શકે. પટેલ સાથે નક્કી કરી પટેલના ગાડામાં નિયત દિવસે પૂજ્યશ્રીના દર્શને જવાનું ગોઠવાયું.

એ સમયે ચાલતા કે ગાડામાં જ જવાતું. મોટરનો વ્યવહાર કે રસ્તા હતા નહિ. જંગલ જેવી ઝાડીમાંથી ગાડાના ચીલા રસ્તે જવાતું. રસ્તામાં બે બળદના માફા જેવા ગાડામાં પિતાશ્રી, પટેલ અને હાંકનારો ત્રણ જણ હતા. બળદના ગળામાં પહેરાવેલી ઘંટડીઓનો મધુર અવાજ અને સંતના મંગલ દર્શન કરવાની ઝંખના પિતાશ્રીના હૃદયમાં અદમ્ય ઉત્સાહ જગાવતી હતી. ગાડામાં ખાસ વાત થતી ન હતી.



કેટલાક ગાઉ ચાલ્યા બાદ ગાડું ઊભું રહ્યું. ખાસ્સીવાર થઇ એટલે પિતાશ્રીએ મૌન તોડ્યું. પટેલને પૂછ્યું, 'કેમ ઊભા રહ્યા?' ચાલોને આગળ કે જેથી દર્શન કરી પરત મારી ફરજ પર સમયસર હાજર થઇ જવાય? પટેલ કહે, માસ્તર સાહેબ! ઉપર આકાશમાં જુઓ! કાળાડિબાંગ વાદળો બંધાયાં છે. વરસાદ ખૂબ તૂટી પડશે. આ તો ગાડા રસ્તો છે અને કાળી ચિકણી માટી છે. વરસાદ પડે તો ગાડાના પૈડાં અને બળદના પગ કાદવમાં ખૂંપી જાય અને ગાડુ ખેંચાય પણ નહિ. તેથી આ ઊંચી અને સખત જમીન ઉપર હવે તો આધાર. આગળ પાછળ જવાય એવું નથી, પાછું પણ ન જઇ શકાય.

સમય સારો એવો પસાર થયો. કાળાં કાળાં પાણીથી ભરેલાં વાદળાં વધ્યે જતાં હતાં. મનમાં પિતાશ્રીને વિચાર આવ્યો કે મને કયાં સંતના દર્શને જવાની ઇચ્છા થઇ? પાછું નહિ ફરાય અને ખૂબ વરસાદ પડશે તો શું થશે મારી નોકરીનું? સ્ટેશનમાસ્તર વગરનું સ્ટેશન અને આવતી ટ્રેન તેમને યાદ આવી અને ફરજ પર નહિ પહોંચાય? હવે શું થશે?એવા અમંગળ વિચાર આવવા લાગ્યા, દર્શનની ઇચ્છા ન કરી હોત તો સારું નોકરી જશે તો શું થશે?

આવા વિચારોમાં મૌનમાં સમય પસાર થતો હતો, ત્યાં એકાએક ધૂપ—અગરબત્તીની મધૂરી સુગંધ આવવા લાગી, સારી એવી એ સુગંધ અનુભવાઇ. પટેલને પૂછ્યું આટલામાં મંદિર છે? પટેલ કહે : સાહેબ! આટલામાં ત્રણ—ચાર ગાઉમાં ક્યાંય મંદિર નથી, આ તો વગડો છે. જંગલ છે. સાહેબ કેમ પૂછો છો? નારેશ્વર તો હજી દૂર નર્મદામાતા પાર કરીને જવાય. પિતાશ્રીએ

જવાબ આપ્યો : 'મને ધૂપ—અગરબત્તીની મધુર સુગંધ આવે છે.' પટેલે કહ્યુંઃ મને તો નથી આવી. હાંકનારને પૂછ્યું તેણે પણ ના પાડી, પિતાશ્રી કહે મને તો હજી પણ આવે છે. એમ વાતચીત થાય છે. ત્યાં થોડો સમય બાદ વાદળાં વિખરાવા લાગ્યાં. અને પ્રભાતનો સૂર્યોદય હોય એમ સૂરજ વાદળામાંથી ડોકાયો. પટેલ કહે : સાહેબ! વાદળાં હટવાં લાગ્યા છે. લાગે છે કે હવે વરસાદ નહિ આવે. બોલો, ઉમલ્લા પાછા વળવું છે કે નારેશ્વર? પળનો વિચાર કર્યા વગર પિતાશ્રીથી બોલાઈ જવાયું "નારેશ્વર જ જઈએ."

વેળુગામથી નાવડીમાં સામે કાંઠે આવી સ્નાન કરી નારેશ્વરમાં આવ્યા. પૂજ્યશ્રી પાસે એ વર્ષોમાં ખૂબ થોડા લોકો દર્શને આવતા. ખાસ વસ્તી જેવું નહિ. એક—બે દર્શનાર્થી બેઠા હતા. પિતાશ્રીએ જોયું તો લીમડા નીચે ખુરશી પર સંત બેઠા હતા.

તે સમયે પટેલના જણાવવાથી ચોખા પૈસા ચઢાવવા કે મૂકવા નહિ તેથી નાળિયેર અને ફૂલ સાથે લાવેલ, તે ચરણોમાં મૂકી પ્રણામ કરી બેઠા. ખાસ કોઈ બોલતું ન હતું. થોડો સમય થયો ત્યાં પૂજ્યશ્રીએ મારા પિતાશ્રી તરફ નજર ફેરવી અને બોલ્યા : "કેમ માસ્તર વાદળાં વિખરાઈ ગયાંને?" થોડીવાર તો પિતાશ્રીએ આગળ પાછળ જોયું કે કોને કહે છે? માસ્તર કોણ? એ વિચારતા હતા ત્યાં જ ફરી અધવચ્ચે ગાડું ઊભું રાખ્યું હતું ત્યાં આવતી તે જ મધુર આહ્લાદક ધૂપ સુગંધ આવવા લાગી. પૂજ્યશ્રીની નજર હજુ પિતાશ્રી તરફ જ હતી તેથી ક્ષણમાં સમજાઈ ગયું દે મને જ કહે છે. અને ઝબકારો થયો કે આ સામાન્ય સંત નથી, સ્વયં ભગવાન છે. ક્ષણનો પણ વિચાર કર્યા



વગર પિતાશ્રી તરત ઊભા થઈ ગયા અને ફરી પૂજ્યશ્રીને સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કર્યાં. અને સામે બેસીને પૂજ્યશ્રીનાં ધરાઈ ધરાઈને દર્શન કર્યાં. અને એ જ ક્ષણે પૂજ્યશ્રીને ગુરુ તરીકે સ્વીકારી ભક્તિને માર્ગે આગળ ને આગળ વધતા ગયા. પછી તો દર ગુરુપૂર્ણિમાએ અચૂક જ્યાં હોય ત્યાંથી કાદવ, વરસાદની પરવા કર્યા વગર, નારેશ્વર રોડ સ્ટેશન-થી કાદવ ખૂંપતા પણ પૂજ્યશ્રીના દર્શને આવતા.

(સમાપ્ત)

શ્રીમદ્ ભગવદ્ગીતાની અંદર કહેવામાં આવ્યું છે કે જે આનું અધ્યયન કરશે તે મહાન જ્ઞાનયજ્ઞ કરે છે તેમ ગણાશે. તે પરમાત્મા તરફ પ્રેરિત થઈને પરમાત્માનો સાક્ષાત્કાર કરવાની પ્રેરણાથી સંપન્ન બનશે. અને જે બીજાની આગળ આ જ્ઞાનગીતાની વાત કરશે, એના જેવો દાનેશ્વરી બીજો કોઈ પણ નહિ હોય. એ સંસારનું મોટામાં મોટું મંગલ કરતો હશે. **—યોગેશ્વરજી**

**ઘર : ૨૪૬૩૪૩૧ ઓફિસ : ૨૩૬૨૪૩૭**
**: ૨૪૮૦૪૨૮ : ૨૩૬૦૩૭૬**

**ખેતીની સિંચાઈ માટે વિશ્વસનીય એન્જીન**
**"સત્યવાન" તથા "ચંદન"**
**૬, ૮ તથા ૧૦ હો. પા.**

—: બનાવનાર :—

**કનેરીયા એન્જીનીયરીંગ વર્ક્સ**

૧/W, ભક્તિનગર ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ, **રાજકોટ**—૩૬૦૦૦૨

# રસેશ્વરી

(ગતાંકથી ચાલુ)

શ્રી યોગેશ્વરજી

વસુદેવે વિરોધ કરતાં કહ્યું :

'કંસ, મેં અને દેવકીએ તમારું કે કોઇનું કશું જ નથી બગાડ્યું.'

કંસ કઠોર સ્વરે બોલી ઊઠ્યો :

'એ બરાબર છે પરંતુ તમે મારું સમસ્ત જીવન બગાડી શકો તેમ છો. અત્યારે પણ તમે મારી ઊંઘ બગાડી છે ને મારી શાંતિનો નાશ કરી નાખ્યો છે.'

'એવી ઇચ્છા મેં કદી પણ નથી રાખી.'

'અને મેં પણ નથી રાખી.' દેવકી બોલી; કદી પણ નહિ.'

'તો પણ મારે મારી સલામતીને માટે ના છૂટકે આવું વર્તન કરવું પડે છે. હું એને માટે લાચાર છું. મારા જીવને હું હાથે કરીને જોખમમાં ના મૂકી શકું એ તો સહેજે સમજાય તેવું છે.'

વસુદેવ બોલ્યા :

'પરંતુ આમાં જોખમ જેવું કશું જ નથી. તમને કોઇ જાતનું જોખમ ના લાગે એટલે તો અમારી બાંયધરી પ્રમાણે અમારા બાળકને મેં તમારી પાસે હાજર કરી દીધેલું.'

'છતાં પણ મને એથી સંતોષ નથી વળ્યો. મારી સુરક્ષાનાં વધારે કડક પગલાં ભરવાનો મેં નિર્ણય કર્યો છે. હમણાં તમારે અનિશ્ચિત કાળ સુધી કારાવાસમાં જ રહેવું પડશે.'

'કારાવાસમાં રહેવાનો અમને શોક નથી થતો, કંસ!' દેવકી



બોલી ઊઠી; 'જે વખતે અમારે જેવું ભોગવવાનું હશે તેવું ભોગવવું રહેશે. પરંતુ તારી આ પદ્ધતિ મને જરા પણ યોગ્ય નથી લાગતી. તું તને વિશ્વમાં સૌથી વિશેષ શક્તિશાળી સમજે છે તો પછી આવું ભયભરેલું પગલું શામાટે ભરી રહ્યો છે?'

કંસ અટ્ટહાસ્ય કરીને બોલ્યો :

'એ તો મારી મરજીની વાત છે કે મારે કયે વખતે શું કરવું. હું કાંઇ કોઇનો બંધાયોલો નથી, સમજી?'

દેવકી તથા વસુદેવને કારાવાસમાં પૂરીને કંસે એમના પુત્ર કીર્તિમાનને મારી નાખ્યો.

એની સ્મૃતિથી વસુદેવનું કાળજું કંપી ઊઠ્યું.

એ દશ્યને એ હજુ પણ નહોતા ભૂલી શક્યા.

દેવકી કહ્યા વિના ના રહી શકી :

'કંસ, તું આટલો બધો કઠોર હશે તેની મને કલ્પના નહિ. તું દયાહીન, જડ, નરાધમ, હૃદયહીન છે!'

'તારે જે કહેવું હોય તે કહી શકે છે, દેવકી! મને એનો લેશ પણ ભય નથી લાગતો. મેં જે સંકલ્પ કર્યો છે તે સંકલ્પ હું પાળીશ જ. મને તેમાંથી કશું પણ વિચલિત નહિ કરી શકે.'

'એટલે?'

'તારાં બધાં જ બાળકોને હું શૈશવાવસ્થામાં જ મારી નાખીશ. તારા આઠમા સંતાનની પણ એ જ દશા કરીશ. પછી જોઇશ કે પેલી અમંગલ આકાશવાણી પોતાનો અમલ કેવી રીતે કરે છે! એના અમલનો અવસર જ ઉપસ્થિત નહિ થવા દઉં ને!'

'તમને આકાશવાણીનો એટલો બધો ભય લાગતો હોય તોપણ આકાશવાણીનો મુખ્ય સંબંધ તો દેવકીના આઠમા બાળક

સાથે જ છે!' વસુદેવે દલીલ કરી.

પરંતુ એ દલીલ નિરર્થક નીવડી.

કંસે તરત જ કહ્યું :

'આકાશવાણીનો સંબંધ આઠમા બાળક સાથે છે એમ કહેવા કરતાં દેવકીના સંતાન સાથે છે એમ જ કહેવું બરાબર છે. એટલે દેવકીના એક પણ શિશુને હું જીવતું નહી રહેવા દઉં. તમારી એકે દલીલ મારી આગળ ચાલી નહિ શકે.'

'આઠમા બાળકની આશંકાને લીધે તું મારાં બધાં જ બાળકોને મારી નાખીશ તો તારું કર્મ અત્યંત અધમ કહેવાશે. અધમાધમ. તારા એ રાક્ષસી કર્મથી ઈશ્વર રાજી નહી રહી શકે.' દેવકીથી બોલ્યા વિના ના રહેવાયું.

પરંતુ કંસની ઉપર એ દલીલની કશી જ અસર ના થઇ. એ તરત જ બોલ્યો :

'મારું કર્મ ઉત્તમ કહેવાશે કે અધમ એની મને નથી પડી. એવી નિરર્થક ચિંતા હું કદી પણ નથી કરતો. હું તો મારી સુખાકારી કે સલામતીનું ધ્યાન જ વિશેષ રાખું છું અને એને માટેની યોજનાઓ જ ઘડ્યા કરું છું મારા કર્મથી ઈશ્વર રાજી રહેશે કે નહીં રહે તેની મને ચિંતા શા માટે કરું? ઈશ્વર હોય તોપણ તે મારું શું કરી લેશે? મને તેનો લગાર પણ ભય નથી લાગતો. ઈશ્વરને તો હું સહેલાયથી પહોંચી શકીશ.'

'તું તદ્દન હૃદયવિહીન લાગે છે!'

'તારે જેવો માનવો હોય તેવો માનવા માટે તું સ્વતંત્ર છે. તારી, વસુદેવની કે બીજા કોઈની માન્યતાનું મૂલ્ય મારે મન કશું જ નથી. બીજા મારે માટે શું માને છે તેની ચિંતામાં પડ્યો હોત



તો આટલો આગળ જ ના વધી શક્યો હોત.'

'તું આગળ વધ્યો છે કે પાછળ પડ્યો છે અને પડી રહ્યો છે એનો નિર્ણય કરવાની શક્તિ પણ તારામાં નથી રહી. તારી આ દશા જોઈને મને દુઃખ થાય છે. મારાથી બીજું તો કશું નથી થઇ શકે તેમ, પરંતુ તને સદ્‌બુદ્ધિની પ્રાપ્તિ થાય એવી પ્રાર્થના તો જરૂર થઇ શકે તેમ છે, અને તે હું કરી રહી છું.'

કંસ ખડખડાટ હસીને બોલ્યો :

'મારી સદ્‌બુદ્ધિની પ્રાર્થના? હું તો સદ્‌બુદ્ધિથી સંપન્ન જ છું.'

'બિલકુલ નહી,' દેવકીએ સ્પષ્ટીકરણ કરતાં કહ્યું; 'આને સદ્‌બુદ્ધિ ના કહી શકાય. આ તો દુર્બુદ્ધિ છે.'

'દુર્બુદ્ધિ?'

'હા. દુર્બુદ્ધિ. આથી વધારે દુર્બુદ્ધિ બીજી કયી હોઇ શકે?'

'તું સદ્‌બુદ્ધિને દુર્બુદ્ધિ સમજતી લાગે છે!'

'કદી નહી. મારે મન સદ્‌બુદ્ધિ સદ્‌બુદ્ધિ અને દુર્બુદ્ધિ દુર્બુદ્ધિ જ છે.'

'તો તો તને ભયંકર મતિભ્રમ થયો લાગે છે!'

'મતિભ્રમ મને શા માટે થાય? મતિભ્રમનો શિકાર તો તું જ બનેલો છે એટલે શુભાશુભનો નિર્ણય નથી કરી શકતો. બુદ્ધિદોષને લીધે તું શુભને અશુભ અને અશુભને શુભ માની બેઠો છે, પરંતુ એનું પરિણામ સારું નહિ આવે.'

'મને પરિણામની જરા પણ નથી પડી. અત્યારે તો ગ્રહયોગ, પ્રારબ્ધ, જે કહે તે બધું જ મારી તરફેણમાં છે ને મારે બધી રીતે લીલાલહેર છે.'

◎